# श्री कृष्ण प्रणामी धर्म पत्रिका



वर्ष : ९३ अप्रैल २०२१ अंक : ४

**श्री ५ नवतनपुरी धाम, जामनगर**



www.krishnapranami.org



प. पू . महाराजश्रीके साथ फाग (धुलेटी)का आनंद लेतेहुए सुन्दरसाथ

# શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકા

સંસ્થાપક : બ્રહ્મલીન આચાર્ય શ્રી ૧૦૮ ધનીદાસજી મહારાજ

વિ.સં ૨૦૭૭ નિજાનન્દાબ્દ : ૪૩૮ બુદ્ધજી શાકે : ૩૪૨

વર્ષ ૯૩ એપ્રિલ ૨૦૨૧ અંક : ૦૪

મુદ્રક, પ્રકાશક તેમજ સ્વામિત્વ } જગદ્‌ગુરુ આચાર્ય શ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજ

મુદ્રણ તેમજ પ્રકાશન સ્થળ } શ્રી ૫ નવતનપુરી ધામ- ખીજડા મંદિર જામનગર - ૩૬૧ ૦૦૧ (ગુજરાત) ભારત

સંપાદક : શ્રી કનકરાય વ્યાસ
સ્વામી લક્ષ્મણદેવજી મહારાજ

સરનામું : શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકા, શ્રી ૫ નવતનપુરી ધામ, ખીજડા મન્દિર જામનગર - ૩૬૧ ૦૦૧ (ગુજરાત)

ફોન : (૦૨૮૮)૨૬૭૨૮૨૯ મો : ૮૫૧૧૨૨૬૬૦૦

E-mail : patrika@krishnapranami.org, navtanpuri@gmail.com
Website : www.krishnapranami.org / patrika

**શ્રી બાઈજીરાજ જયંતી :** સુંદરસાથજી ! આપ સહુ જાણો છો કે ચૈત્રી પૂર્ણિમા શ્રી બાઈજીરાજ મહારાણીજીનો પ્રાગટ્ય દિવસ છે. આ પવિત્ર દિવસ આ વર્ષે દિનાંક ૨૭-૦૪-૨૦૨૧ ના રોજ આવે છે. શ્રી બાઈજીરાજ મહારાણી સુંદરસાથને માતાની જેમ સ્નેહ આપતા હતાં. આવા સ્નેહમયી, મમતામયી, સુંદરસાથ વત્સલા શ્રી બાઈજીરાજને તેઓશ્રીના ૩૭૮ મા પ્રાગટ્યના અવસરે કોટિશઃ પ્રણામ.

આ વર્ષે શ્રી બાઈજીરાજ મહારાની આશ્રમ ધોરાજીમાં શ્રી બાઈજીરાજ પ્રાગટ્ય મહોત્સવ સુંદરસાથજીની સીમિત સંખ્યામાં ઉજવી રહ્યાં છીએ. આ સમગ્ર કાર્યક્રમનું લાઈવ પ્રસારણ શ્રી ૫ નવતનપુરી ધામના યૂટ્યૂબ ચૈનલ - પ્રણામી ટી.વી.(youtube/facebook or www.krishnapranami.org પર pranami tv) નાં માધ્યમથી કરવામાં આવશે. સહુ સુંદરસાથજીને નમ્ર વિનંતી કે આ વર્ષે પ્રણામી ટી.વી.નાં માધ્યમથી લાઈવ દર્શન કરીને પ્રત્યેક્ષ ઉપસ્થિત થયાંનો અનુભવ કરશો. પ્રણામ ॥

# અપને ધનીકા મિલના,
# સો દુખ હી સે હોય

**અનંતશ્રી વિભૂષિત જગદ્‌ગુરુ આચાર્યશ્રી કૃષ્ણમણિજી મહારાજ**

સુખ અને દુ:ખના દ્વન્દ્વથી બધા પરિચિત છે અને બધાને એ પણ માલૂમ છે કે આ દ્વન્દ્વોમાંથી મુક્ત થયા પછી જ પરમસુખ અર્થાત્ આનંદનો અનુભવ થઈ શકે છે. આ સત્યને સ્વીકારી કેટલાંક મહાપુરુષોએ પરમાત્મા પાસે દુ:ખ માંગ્યું છે. આ રહસ્યને આપણે સમજવું જોઈએ.

સુખ અને દુ:ખના દ્વન્દ્વોથી મુક્ત થવાની અભિલાષા અધિકાંક્ષ મુમુક્ષુઓની હોય છે. સામાન્ય રીતે જ્ઞાન માર્ગમાં દ્વન્દ્વાતીત થવા માટે એવો ઉપદેશ આપવામાં આવે છે અને એવું સમજાવવામાં આવે છે કે શરીરના બંધનથી છૂટ્યા પછી જ દ્વન્દ્વોમાંથી મુક્ત થઈ શકીએ છીએ. આ જ મુક્તિ છે. જે મહાપુરુષોએ આ શરીરના દ્વારા પરમાત્માનો અનુભવ કર્યો છે તેઓએ આ શરીરમાં રહીને જ નિર્દ્વન્દ્વતાનો અનુભવ કરવા માટે કહ્યું છે. શ્રી કૃષ્ણજી પણ અર્જુનને આ પ્રમાણે ઉપદેશ આપે છે.

**નિર્દ્વન્દ્વો નિત્યસત્ત્વસ્થો નિર્યોગક્ષેમ આત્મવાન્ । (ગીતા ૨/૪૫)**

હે અર્જુન ! તું દ્વન્દ્વોથી રહિત બન, અંત:કરણની વૃત્તિઓને પરમાત્મામાં લગાડ, યોગ(લાભ) અને ક્ષેમ(રક્ષણ)થી ઉપર ઊઠીને આત્મભાવમાં રહેજે. આ શરીરમાં રહીને પરમાત્માનો અનુભવ કરવાવાળા મહાપુરુષો પ્રેમમાર્ગ કે ભક્તિમાર્ગમાં સ્થિત માનવામાં આવે છે. પૂર્વજન્મની સાધના તથા પરમાત્માની કૃપા દ્વારા તેમના અંત:કરણ નિર્મળ થઈ ચૂક્યા હોય છે અને તેમના હૃદયમાં પ્રેમનો પ્રવાહ ઊભરાવા લાગે છે. આવા મહાપુરુષો ભૌતિક સુખો પ્રત્યે લોભાયમાન હોતા નથી અને ભૌતિક દુ:ખોથી પણ વિચલિત થતાં નથી.તેઓ તો ભૌતિક દુ:ખોની પ્રાપ્તિને પણ પરમાત્માની કૃપા સમજે છે. તેઓ સમજે છે

કે ભૌતિક દુઃખ પરમાત્મા પ્રત્યે પ્રેરિત કરવાવાળું છે અને ભૌતિક સુખ પરમાત્માથી વિમુખ કરવાવાળું છે.

મહામતિ શ્રી પ્રાણનાથજી એટલા માટે કહે છે,

**દુખસે પીઉજી મિલસી, સુખેં ન મિલિયા કોય ।**
**અપને ધનીકા મિલના, સો દુખ હી સે હોય ॥**

(કિરંતન ૧૭/૧૦)

ભૌતિક દુઃખ પરમાત્માના મિલનમાં સહયોગી થાય છે, જ્યારે ભૌતિક સુખ પરમાત્માથી વિમુખ કરવા માટે પ્રેરિત કરે છે. આવા જ દુઃખોને કારણે મનોવૃત્તિ સંસારથી વિમુખ થઈને પરબ્રહ્મ પરમાત્માની તરફ લાગે છે જેથી આ જીવનમાં પરમાત્માની પ્રાપ્તિ થઈ શકે છે.

મહામતિએ સંસારના દુઃખ સુખોને સ્વપ્ન સમાન માન્યા છે. જે રીતે સ્વપ્ન જોતાં પ્રાપ્ત થતી સુખદુઃખની સ્થિતિ જાગૃત થયા બાદ બિલકુલ મટી જાય છે તે જ રીતે આત્મભાવમાં સ્થિત થવાથી સંસારના દુઃખ સુખ સ્વપ્નવત્ લાગવા લાગશે. એટલા માટે સ્વપ્નના દુઃખોથી ભયભીત ન થવાનો ઉપદેશ આપે છે, જેમ કે,

**ઈન સુપનેકે દુખસે જિન ડરો, ઈન દુખ બદલે સત સુખ ।**
**અપને માશૂકસોં નેહડા, તોકો દેયગો બનાય કે દુખ ॥**

(કિરંતન ૧૬/૧૦)

મહામતિનું કહેવું છે કે સંસારના દુઃખ સુખ સ્વપ્નના છે. કેમ કે સંસાર જ સ્વપ્નનો છે. આ અક્ષરબ્રહ્મનું સ્વપ્ન છે. જે રીતે માનવના સ્વપ્નનું દશ્ય ક્ષણિક હોય છે એ જ રીતે સંસારની પણ સ્થિતિ છે. એના સુખ દુઃખ પણ ક્ષણિક જ હોય છે. આ ક્ષણિક દુઃખોથી ભયભીત થવાય નહીં. તેઓ આ ક્ષણિક દુઃખોનો પણ લાભ બતાવે છે. આ ક્ષણિક દુઃખો પરમાત્માની તરફ પ્રેરિત કરે છે. એટલા માટે એવું સમજવું જોઈએ કે આ દુઃખોને બદલે આપણને પરમાત્માનું અખંડ સુખ પ્રાપ્ત થશે. દુઃખ આવવાને કારણે મનની તથા ચિત્તની વૃત્તિયો પરમાત્માની તરફ લાગે છે. એટલા માટે મહામતિ કહે છે, સંસારનું આ દુઃખ તમને પોતાના પરમાત્મા પ્રત્યે પ્રેમ પ્રગટ કરવાવાળું બને છે. એટલા માટે એમનાથી ભયભીત ન બનો.

ભક્તજનો પોતાના પરમાત્મા પાસેથી દુ:ખ માગે છે. માતા કુંતીએ પણ શ્રીકૃષ્ણજી પાસેથી કષ્ટો માંગ્યા હતા. કષ્ટોમાં, દુ:ખોમાં પ્રેમીજન પરમાત્માનું સ્મરણ કરી પરમાત્માના સાન્નિધ્યનો અનુભવ કરે છે એટલા માટે પરમાત્માના સાન્નિધ્યનો અનુભવ કરાવવાવાળું દુ:ખ પ્રેમી ભક્તો માટે ગ્રાહ્ય હોય છે. ત્યારે મહામતિ કહે છે,

**દુખ તો હમારો આહાર હૈ, ઔરન કો દુખ ખાએ ।**
**દુખ કે ભાગે સબ ફિરે, કોઈ વિરલા સાધ નિબાહે ॥**

**દુખ કો નિબાહૂ ના મિલે, ઔર સુખ કો તો સબ બ્રહ્માંડ ।**
**ઈન ઝૂઠે દુખથે ભાગ કે, ખોવત સુખ અખંડ ॥**

(કિરંતન ૧૬/૪,૫)

મહામતિનું કહેવું છે, બીજા લોકો દુ:ખોથી ત્રસ્ત(ભયભીત) રહે છે જ્યારે અમો દુ:ખોનો સહર્ષ સ્વીકાર કરીએ છીએ. દુ:ખોથી ભયભીત થઈને ભાગવાવાળા સાધક પણ અનેક છે. કોઈ વિરલા જ સાધક દુ:ખોનો સ્વીકાર કરે છે. આ જગતમાં દુ:ખોને નભાવ વાળા લોકો મળતાં નથી સુખોને ચાહવાવાળા તો બધા દેખાય છે. આ લોકો ખરેખર સમજી શકતા નથી એટલા માટે આ ખોટા દુ:ખોથી ભાગીને અખંડ સુખ ખોઈ રહ્યા છે.

પ્રેમીજનોની વિશેષતા જ એ હોય છે કે તેમની સામે જે પણ પરિસ્થિતિ આવે તેનો તેઓ સહર્ષ સ્વીકાર કરે છે. તેઓ હંમેશાં પરમાત્માના પ્રેમમાં મગ્ન રહેવા ઈચ્છે છે. તેમને લાગે છે કે ક્યારેક આપણે ભૌતિક સુખ સંસારમાં ભૂલી ન જઈએ. એટલા માટે તે લોકો પરમાત્મા પાસેથી ભૌતિક સુખ નહીં પરંતુ દુ:ખ માંગે છે. ભૌતિક સુખ સંસારમાં ભુલવવાવાળું હોય છે જ્યારે ભૌતિક દુ:ખ પરમાત્મા પ્રત્યે સમર્પિત કરાવી પરમાત્માના અખંડ સુખોનો અનુભવ કરાવે છે. એટલા માટે જેઓ આ ક્ષણિક દુ:ખોથી ભાગે છે તેઓ અખંડ સુખોથી વંચિત રહી જાય છે. પ્રેમી આત્માઓ ક્યારેય પણ પોતાના પ્રિયતમ પરમાત્માને દોષ દેતા નથી. તેમને વિશ્વાસ હોય છે કે પરમાત્મા તેમને દુ:ખ એટલા માટે આપે છે કે દુ:ખો વગર અજ્ઞાનની નીંદર ઉડશે નહીં. આપણી અજ્ઞાનતાને દૂર કરવા માટે જ પરમાત્મા આપણને દુ:ખોનો અનુભવ કરાવે છે. મહામતિએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે,

**તા કારન દુખ દેતે હૈં, દુખ બિના નીંદ ન જાએ ।**
**જિન અવસર મેરા પીઉ મિલે, સો અવસર નીંદ ગમાએ ॥**

(કિરંતન ૧૬/૭)

ધામધણી આપણને દુઃખોનો અનુભવ એટલા માટે કરાવે છે કે આ દુઃખો વગર આપણી ઊંઘ ઊડશે નહીં. આ અવસર આપણને આપણા ધણીને મળવા માટે મળ્યો છે. એના મહત્ત્વને સમજ્યા વગર આપણે એને અજ્ઞાનની નીંદરમાં જ વ્યતીત કરી રહ્યા છીએ.

મનુષ્ય પરિસ્થિતિને સમજે તો તેને જીવવામાં આનંદ આવશે. પરંતુ અજ્ઞાનતાની ઊંઘમાં જીવન વ્યતીત કરવાવાળા લોકો સદૈવ ત્રસ્ત રહે છે. એટલે મહામતિનું કહેવું છે, ત્રસ્ત(પીડિત) થઈને જીવવું કોઈ જીવન નથી, એને બદલે મસ્ત થઈને જીવવું જોઈએ. સંસારની તરફ નજર નાંખતા દુઃખ દેખાય છે. આ જ દૃષ્ટિને પૂર્ણબ્રહ્મ પરમાત્માની તરફ લગાડશો તો દુઃખ પણ સુખમાં બદલી જશે. આ જગતમાં જે લોકો બુદ્ધિશાળી કહેવાયા છે તેઓએ પણ પોતાના પ્રિયતમ પરમાત્માને મળવા માટે દુઃખોની જ ઈચ્છા કરી છે. જેમ કે,

**બડી મત કે જો ધની કહે, હોય ગએ જો આગે ।**
**તિન ભી ધની મિલન કો, દુખ ધની પે માગે ॥**

(કિરંતન ૧૭/૭)

મહામતિએ દુઃખોની વિશેષતાઓ સમજાવી છે. અંતઃકરણના વિકાર તથા મોહના બંધનોને દૂર કરવાની સર્વાધિક ક્ષમતા દુઃખોમાં જ હોય છે. જેમકે,

**દુખ દાવાનલ કાટત, ઔર કાટત સકલ વિકાર ।**
**દુખ કાટત મૂલ માયા કો, બઢે નહીં વિસ્તાર ॥**

(કિરંતન ૧૭/૨૦)

જંગલની આગ દાવાનળ કહેવાય છે. આંધી આવવાથી જંગલના વૃક્ષોની ડાળીઓ એકબીજાની સાથે પરસ્પર અથડાય છે. એવામાં જો સૂકેલી ડાળીઓનું ઘર્ષણ થાય તો તેનાથી અગ્નિ પ્રગટે છે. અને તે હવાના દ્વારા જંગલમાં ફેલાઈને સમગ્ર જંગલને બાળી મૂકે છે. જે રીતે જંગલના વૃક્ષોની ડાળીઓના ઘર્ષણથી પ્રગટ થયેલી અગ્નિ સમગ્ર જંગલને બાળી મૂકે છે એવી જ રીતે

માનવમનમાં ઉદ્ભવેલ વિચારોના ઘર્ષણથી ઉત્પન્ન ચિંતા કે સંતાપરૂપી અગ્નિ માનવના જીવનને જ બરબાદ કરી દે છે. આ જ ચિંતા કે સંતાપને અહીંયાં દાવાનળ કહ્યો છે. જો ભૌતિક દુઃખોના કારણે પરમાત્મા પ્રત્યે પ્રેમ પ્રગટ થશે તો તેનાથી સમગ્ર ચિંતાઓ નષ્ટ થઈ જશે. અંતઃકરણના બધા વિકારો દૂર થઈ જશે અને માયાનો મૂળ મોહ પણ મટી જશે. મોહના કારણે જ આત્મા બંધનોમાં જકડાએલો હોય છે. તેને દૂર કરવા માટે પરમાત્મા પ્રત્યેનો પ્રેમ જેટલો સક્ષમ હોય છે એટલી બીજી સાધનાઓ હોતી નથી. દુઃખોને કારણે જ એવો પ્રેમ પ્રગટ થાય છે એટલા માટે ચિંતા અને સંતાપરૂપી દાવાનળને શાંત કરવાવાળું, સમગ્ર વિકારોને દૂર કરવાવાળું તથા માયાના મૂળ મોહને પણ દૂર કરવાવાળું દુઃખ જ છે એવું સમજીને પ્રેમી આત્માઓ દુઃખોની ચાહના રાખે છે. અર્થાત્ દુઃખોની સાથે પણ પ્રેમ કરે છે. દુઃખોનું મહત્ત્વ સમજાવતા આગળ કહે છે.

**બારીક બાતેં દુખ કી, જો કદી લાગે મિઠાસ ।**
**તો ટૂટ જાત હૈ એ સુખ, હોત માયા કો નાશ ॥**

**જાકો સ્વાદ લાગ્યો કછુ દુખ કો, સો સુખ કબૂં ન ચાહે ।**
**વાકો સો દુખ ફેર ફેર, હિરદે ચઢ ચઢ આએ ॥**

(કિરંતન ૧૭/૨૩,૩૩)

દુઃખનું રહસ્ય ઘણુ જ સૂક્ષ્મ છે. દરેક એને સમજી શકતા નથી. જે લોકો દુઃખોનો મીઠો સ્વાદ ચાખે છે તેમને ક્યારેય પણ ભૌતિક સુખોની આશા રહેતી નથી. આ રીતે માયાનો પ્રભાવ એમના પરથી દૂર થઈ જાય છે. જે આત્માઓ દુઃખોની મધુરતાનો આસ્વાદ માણી લે છે તેઓ સ્વપ્નમાં પણ ભૌતિક સુખ ચાહતા નથી. તેમના હૃદયમાં પ્રિયતમ પરમાત્માના વિરહની પીડા તથા પરમાત્માના મિલનનો આનંદ છલકતો રહે છે. આવા આત્માઓ હંમેશાં વિરહ તથા વિલાસનો આનંદ લેતા રહે છે.

આ રીતે દુઃખોનું મહત્ત્વ પ્રેમી આત્માઓ જ સમજી શકે છે. તેમને આ ભૌતિક દુઃખ પોતાના પ્રિયતમ પરમાત્માના પ્રેમના ઉદ્દીપક લાગે છે. એટલા માટે તેઓ હંમેશાં દુઃખો સાથે પ્રેમ કરે છે અને વિરહ તથા વિલાસ બન્નેમાં

આનંદિત રહે છે. કહ્યું પણ છે, **એતા સુખ તેરે વિરહમેં, તો કૌન સુખ હોસી વિહાર ।** પ્રેમી આત્માઓને તો એવું જ લાગે છે કે જ્યારે પરમાત્માના વિરહમાં આટલો આનંદ છે તો તેમની સાથે નિત્ય વિહારમાં કેટલો આનંદ હશે ?

વિરહ તથા વિલાસ બન્નેનો અનુભવ કરાવવા માટે મુખ્ય સાધન દુઃખોને માની મહાપુરુષોએ દુઃખોની ચાહના કરી છે. કેમ કે દુઃખોને કારણે પરમાત્મા પ્રત્યે વિરહ પ્રગટ થશે. વિરહની તીવ્રતા પ્રેમમાં પરિણત થશે અને પ્રેમથી પરમાત્માની અનુભૂતિ થશે. એટલા માટે પરમાત્માની અનુભૂતિ માટે દુઃખોની ભૂમિકા અતિ મહત્ત્વપૂર્ણ હોવાથી દુઃખોનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું છે. જેમ કે,

**દુખતે વિરહા ઉપજે, વિરહે પ્રેમ ઈસ્ક ।**
**ઈસ્ક પ્રેમ જબ આઇયા, તબ નેહેચે મિલિએ હક ॥**

(કિરંતન ૧૭/૧૬)

મનુષ્ય જીવનનું મુખ્ય ધ્યેય પરમાત્માની પ્રાપ્તિ છે. માનવ શરીર આત્માનું વાહન છે. આપણે એ સમજવું જોઈએ કે પરમાત્માના મિલન માટે આ શરીર અમારું વાહન છે. સંસારની આ યાત્રામાં આપણને આપણા ધણી પ્રિયતમ પરમાત્માનો અનુભવ થતો રહે એના માટે હૃદયમાં પ્રેમનું પ્રાકટ્ય થવું અતિ જરૂરી છે. પ્રેમ ત્યારે પ્રગટ થશે જ્યારે પરમાત્માના વિરહની પીડા અંતઃકરણના વિકારોને બાળી નાખશે. આવો વિરહ ભૌતિક દુઃખોના સંસર્ગથી પ્રગટે છે. એટલે ભૌતિક દુઃખોનું મહત્ત્વ ઘણું મોટું હોય છે. અજ્ઞાની જનો આવા દુઃખોથી દૂર ભાગે છે તો પ્રેમી આત્માઓ દુઃખોનું આહ્વાન કરે છે. મહામતિ ઉપરોક્ત ચોપાઈના દ્વારા આ જ રહસ્યને સમજાવી રહ્યા છે. એને સમજીને આપણે પણ દુઃખોથી ભયભીત થયા વગર તેમનો સહર્ષ સ્વીકાર કરી તેમના દ્વારા વિરહની પીડાનો અનુભવ કરવાનો પ્રયત્ન કરીએ અને હૃદયમાં પ્રેમ પ્રગટ કરી પોતાના પ્રિયતમ પરમાત્માના મિલનનો અનુભવ કરીએ.

# માનવતા પરમો ધર્મઃ

**બ્રહ્મલીન આચાર્યશ્રી ૧૦૮ ધર્મદાસજી મહારાજ**

આ ચરાચર જગત માનવ ધર્મથી વ્યાપ્ત છે. જગતની એવી કોઈ વસ્તુ નથી કે જેનો સ્વતંત્ર ધર્મ ન હોય. ચોરાસી લાખ યોનિઓમાં પણ માનવ સર્વ શ્રેષ્ઠ છે. કારણ કે તે જ્ઞાનવાન છે. આ કારણે શુભાશુભ કર્મનું કેન્દ્ર સ્થાન પણ માનવ જ રહે છે. શાસ્ત્રોમાં અશુભ કર્મના દંડનો ભાગીદાર પણ માનવને જ કહેલ છે. માનવ યોનિ કર્મયોનિ છે જ્યારે મનુષ્યેતર યોનિઓ ભોગ યોનિ છે. ધર્મની સૃષ્ટિ સાથે જ માનવ જીવનનો પ્રાદુર્ભાવ થયેલ છે. સંપૂર્ણ વિશ્વને માટે માનવતા શબ્દ તો સમાન જ રહે છે પછી ભલે આપણે તેને માનવ સભ્યતા કહીએ યા સદાચારની સંહિતા કરીએ અગર તો શિષ્ટાચારનું સૂત્ર કહીએ અથવા તો માનવતા એ નામના મૂળ તત્ત્વના સ્વરૂપે તેને ઓળખીએ. પરંતુ એ તત્ત્વને જ ધર્મ એવું દિવ્ય નામ આપવામાં આવેલ છે. એક રીતે વિચારીએ તો વર્તમાન સમયમાં માનવજાતિ અત્યન્ત કટોકટીના કાળમાંથી પસાર થઈ રહી છે અને જો બીજી રીતે વિચારીએ તો માનવ જાતિને વિકસિત કરવા માટે, ધાર્મિક, નૈતિક, સામાજિક, રાજકીય ક્ષેત્રે વિચારોનો અને ભાવનાઓનો ફેલાવો થવા લાગ્યો છે. આમ છતાં પણ વાસ્તવિક વિકાસની રીતે જો આપણે વિચારીએ તો માનવતાના પરમ વિકાસ માટે નિરંતર વહેતો સ્રોત તો ફક્ત ધર્મ જ છે. સમજી શકાય એ રીતે કહું તો શ્રુતિ-સ્મૃતિ અને મહાપરુષો વડે જેનું પ્રતિપાદન કરવામાં આવેલ છે તે માર્ગનું અનુસરણ, સદાચાર પાલન, પ્રત્યેક જીવ સાથે સ્નેહ, સદ્‌ભાવ, તથા કાયિક, વાચિક અને માનસિક પવિત્રતાયુક્ત આચરણ કરવું એ જ પરમ માનવ ધર્મ છે. તેને જ માનવતાના બીજા નામથી સંબોધવામાં આવે છે.

ભારતીય સંસ્કૃતિના સામાન્ય રીતે બે વિભાગ પાડી શકાય. આધ્યાત્મિક અને આધિભૌતિક. આધ્યાત્મિકતામાં એકાકાર થઈ જવું એ જ મનુષ્યનું અંતિમ ધ્યેય છે. ભૌતિકતામાં આત્મા પરમાત્માને સ્થાન નથી. બુદ્ધિથી પર રહેલા અનંત તત્ત્વના અસ્તિત્વનો એમાં સ્વીકાર નથી. આ

ભૌતિકતાના અનુયાયીઓનું દૃષ્ટિબિંદુ વિશેષ રીતે ઐહિક ક્ષેત્રમાં કેન્દ્રિત થયેલું હોય છે. આ દુનિયાને સ્વર્ગ બનાવી તેમાં જ રચ્યા પચ્યા રહેવામાં તેઓ માને છે. આજના આ ભૌતિકવાદના યુગમાં મુદ્દાનો પ્રશ્ન એ રહે છે કે જો મનુષ્ય મનુષ્યની સાથે સદ્‌વ્યવહારનું આચરણ નહીં શીખે તો બહુ થોડા જ સમયમાં તેઓ પરસ્પરની ખાઈઓ ખોદીને તેમાં પુરાય જશે કારણ કે અર્વાચીન સમયનું શિક્ષણ માનવને માનવતા તરફ ન લઇ જતાં દાનવતાની તરફ અગ્રેસર કરી રહ્યું છે. ધર્મવિહીન માનવ વડે થયેલું અણુ શસ્ત્રોનું નિર્માણ જાણે માનવ-ધર્મ સમાપ્ત કરવા માટે કટિબદ્ધ બન્યું હોય એવી પ્રતીતિ આપણને સૌને થઇ રહી છે. સંસારની પ્રત્યેક વ્યક્તિ જ્યારે એક જ પરમાત્માની સંતતિ છે તો પછી સમગ્ર પૃથ્વી વિશાળ પરિવાર જ બની રહે અને એમાં વળી પરસ્પર યુદ્ધનો પ્રશ્ન જ ક્યાં ઊઠે છે ?

માનવતા માનવ માત્રનો મૂલ મંત્ર છે. સૌ સાથે સ્નેહથી રહેવાનો પ્રથમ પાઠ માનવ ધર્મ જ શીખવે છે. માનવતા વસ્તુતઃ મનુષ્ય માત્રનો ધર્મ છે. ‘‘**વસુધૈવ કુટુમ્બકમ્**’’ ની ઉદાત્ત ભાવનાથી પૂર્ણ આ ભારતીય ઉચ્ચ આદર્શમાં જાતિ, વર્ણ, ધર્મ,સંપ્રદાય દેશ વગેરેની વિભિન્નતાને સ્થાન નથી. માનવતાના આદર્શ માટે માનસિક-ભૂમિ અત્યન્ત ઊંચે હોવી જરૂરી છે. માનવતાના પાલન-પોષણમાં જીવનની વાસ્તવિકતાનું શુદ્ધ સ્વરૂપ નિહિત છે. માનવતાના વિકાસ વિના કોઈ દેશની સભ્યતા કે સંસ્કૃતિ સાચો વિકાસ પામી શકતી નથી. માનવ જીવનની ઉપયોગિતા એમાં જ છે કે મનુષ્ય વિકાસની સાથે સાથે અખિલ વિશ્વના લોકો સાથે સુખ-શાંતિ અને પ્રેમથી રહે. પ્રાણી માત્રમાં રહેલો આત્મા એ પરમ પિતા પરમેશ્વરનો જ અંશ છે. દરેકમાં એક જ જગન્નિયંતાનું પ્રતિબિમ્બ દેખાય છે આવી સમજપૂર્વકની ભાવના સાથે મનુષ્યે મનુષ્ય સાથે પ્રેમ આદર અને સદ્‌ભાવનો વ્યવહાર રાખવો ઘટે . આ સદ્‌વ્યવહાર થકી જ આન્તરરાષ્ટ્રીય, રાજનૈતિક, સામાજિક તેમજ સાંસ્કૃતિક ભાવનાઓનો સાચો વિકાસ થઈ શકે છે.

‘‘ **સર્વે ભવન્તુ સુખિનઃ સર્વે સન્તુ નિરામયાઃ** ’’ આ સર્વવિધ માંગલ્યના આચરણમાં જ શાસ્ત્રકારોએ વાસ્તવિક રીતે માનવતાનું નિરૂપણ કર્યું છે. મહર્ષિ વ્યાસજી સત્યનો ઉદ્‌ઘોષ કરતા કહે છે.

**શ્રૂયતાં ધર્મસર્વસ્વં શ્રુત્વા ચૈવાવધાર્યતામ્ ।**
**આત્મનઃ પ્રતિકૂલાનિ પરેષાં ન સમાચરેત્ ॥**

સંપૂર્ણ માનવ-ધર્મનું તત્ત્વ એક જ છે કે જે આપણને પ્રતિકૂળ લાગે (સારું ન લાગે) એવું આચરણ બીજા પ્રત્યે આપણે ન કરવું જોઇએ. આવી વ્યક્તિ માનવતાને પોતાનો ધર્મ બનાવી શકે છે. માનવ-ધર્મ અર્થાત્ માનવતાની પ્રાપ્તિ માટે સંયમ, વિવેક, આધ્યાત્મિકતા અને નૈતિકતાનું પરમ બળ હોવું આવશ્યક છે.

પ્રાચીન તથા અર્વાચીન સંત-મહાત્માઓએ માનવધર્મની રક્ષા અને તેની પ્રગતિ માટે આ પૃથ્વીમાં આવીને, વિવિધતાભર્યાં વિધાનો કર્યાં અને તેના પ્રચાર માટે પુરુષાર્થ પણ કર્યો છે. એ મહાપુરુષોએ કોટિશઃ માનવોના ઉદ્ધાર માટે એક માત્ર માનવ ધર્મનો જ પ્રચાર કર્યો. લોકકલ્યાણ અને લોકસંગ્રહને માટે એક જ શ્રેયસ્કર માર્ગ પ્રતીત થાય છે અને એ માર્ગ છે માનવીય ધર્મનો વિકાસ અને તેનું પૂર્ણતઃ પરિપાલન.

અનંત શ્રી વિભૂષિત મહાપ્રભુ પ્રાણનાથજી, સ્વામી રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ, સ્વામી રામતીર્થ વગેરે મહાપુરુષોએ માનવ ધર્મ અર્થાત્ બીજા શબ્દોમાં કહું તો માનવતાના પ્રચાર સાથે માનવ સેવાર્થે પોતાનું જીવન સમર્પી દીધું. દેશદેશાન્તરમાં પરિભ્રમણ કરી માનવ જગતને કલ્યાણનો માર્ગ ચીંધીને તે પથ પર ચાલવાનો પૂર્ણ આગ્રહ કરી માનવ ધર્મનું આપણા માટે નિરૂપણ કરી આપેલ છે. તેઓએ એક જ ઉપદેશ આપ્યો કે પરમ પિતા પરમાત્માના દરબારમાં માનવ માત્ર સમાન છે અને તમામ છલ, કપટ, પાખંડ, અભિમાન વગેરે છોડીને પ્રેમભાવથી રહેવું જોઇએ. કોઇની સાથે ભેદભાવ ન રાખવો. જ્યાં ભેદની દુનિયા ખડી થાય છે, ત્યાં ભય ઉત્પન્ન થાય છે. જ્યાં ભેદ છે ત્યાં જ ભય છે. માટે ભયથી મુક્ત રહો.

વર્તમાન સમયમાં જોઈએ તો માનવ એક પ્રકારની દુઃખી અવસ્થામાં અર્થાત્ દુઃખગ્રસ્ત થતો જાય છે. તેનું કારણ છે સંયમ અને માનવ ઉચિત યોગ્યાયોગ્ય વિવેક શક્તિનો અભાવ. આપણા શાસ્ત્રકારોએ કહ્યું છે કે ૮૪ લાખ યોનિમાં એક માત્ર મનુષ્ય યોનિ જ એક એવી યોનિ છે કે જેના દ્વારા પરમાત્માની પ્રાપ્તિ થઈ શકે છે.

વાસ્તવિકતાથી જોઇએ તો વિચારવાન માનવને એક વિચાર આવે કે શું માનવ જીવનમાં માનવતાની ઉપયોગિતા ખરી ? તેના જવાબમાં ના, ન કહેવી એ જ અત્યુત્તમ છે. કારણ કે માનવતા મનુષ્યની યાદને અમર બનાવે છે. માનવને તેના યથાર્થ સ્વરૂપનું જ્ઞાન કરાવે છે. માનવને દિવ્ય ગુણો પ્રદાન કરી પરબ્રહ્મનું સાન્નિધ્ય સમર્પે છે. માનવીય સમાજમાંથી જો માનવતાને આપણે પૃથક્ કરી લઇશું તો આપણા માટે બાકી શું રહેશે ? કાંઇ નહીં ફક્ત પશુઓનો સમૂહ જ.

આપણા પૂર્વજોએ માનવતાના પ્રત્યેક અંગને પોતાના દૈનિક જીવનમાં આચરણ વડે ચરિતાર્થ કરી જનકલ્યાણની ઉદાત્ત ને અનુપમ સુવાસ પ્રસરાવી હતી. આપણું પણ ઋણ સાથે કર્તવ્ય છે કે આ માનવતાની સૌરભથી પૂર્ણ એવા માનવીય ગુણોને આપણે અપનાવીએ અને તેનું આચરણ કરી માનવ જીવન-નું સાફલ્ય સિદ્ધ કરી લઈએ અને પ્રણામપૂર્વક પ્રાર્થીએ કે પરબ્રહ્મ પરમાત્મા શ્રીકૃષ્ણજી આ જગત ઉપર માનવતા રૂપી અમૃત વર્ષાવી રહી સુખ શાંતિ સાથે આધ્યાત્મિકતાથી પૂર્ણ માનવતાના સુખની પુનઃ પ્રતિષ્ઠા કરી રહે.

---

# રોશની

સૂર્યપ્રકાશ રોશની છે. વીજળી એ રોશની છે પણ ભીતર કંઈક જાગે એ સાચી રોશની છે. રોશની સમજની છે. રોશની માફીની છે. પરમાત્મા આપણને ઘણું બધું આપે છે. જિંદગી કાંઈક કહેતી હોય છે. પણ આપણને સાંભળવાનો સમય નથી. દુનિયા સુંદર છે.

આપણે પરસ્પર પ્રેમ, વિશ્વાસ, સ્નેહ સન્માન ગુમાવી રહ્યા છીએ. માણસો નજીક આવ્યા છે પણ નજદીક નથી આવ્યા. ભીતર કશુંક પ્રજવલિત થાય તે સાચી રોશની(સાચી જાગણી). પોતાની જાતથી લઈને ભગવાન સુધી કોઈનો આભાર માનવાનું શીખ્યા નથી. તેને બદલે શું નથી મળ્યું તેનું લીસ્ટ બનાવીએ છીએ. તમે છો ત્યાં સુધી રોશની છે. અંધારું થઈ જાય તે પહેલાં રોશની માણી લો.

# મૃત્યુથી અમરત્વની તરફ

**સ્વામી શ્રી લક્ષ્મણદેવજી મહારાજ**

ગીતામાં શ્રી કૃષ્ણજી કહે છે **'જાતસ્ય હિ ધ્રુવોર્મૃત્યુ'** જન્મ લેવાવાળાનું મૃત્યુ નક્કી જ છે. જે જન્મે છે તે મરે છે, કોઈ પણ જીવતો રહ્યો નથી. આ સંસારમાં જન્મ લેવાવાળા ચાહે રાજા હોય કે રંક, સંત હોય કે ફકીર, શેઠ હોય કે નોકર એ તમામનું મૃત્યુ થયું છે. મૃત્યુ એક અટલ સત્ય છે, ધ્રુવ સત્ય છે, મૃત્યુ કડવું સત્ય છે. મૃત્યુનું નામ સાંભળવું પણ કોઈને સારું લાગતું નથી, પરન્તુ એ સત્ય છે કે બધાનું મૃત્યુ થશે.

આપણે બાલ્ય અવસ્થામાં કેટલાયને મરતાં જોયા છે. કેટલાય સ્વજનો આપણી સામે જ જતાં રહ્યા. આપણા સ્વજનની નનામીને આપણે કાંધ પણ આપી છે. પરંતુ આ અટલ સત્ય મૃત્યુની તરફ આપણું ધ્યાન ક્યારેય ગયું નથી. હાં, ક્યારેક સ્વપ્નની જેમ પોતાના સ્વજનને કાંધ દેતા કે સ્મશાનમાં તેની ચિતાને આગ લગાડતા જોઈ પણ લીધી તો આપણે તેને એક અશુભ વિચાર કહીને સત્યને ભૂલવાની કોશિશ કરી. ઠીક આજ રીતે એક કબૂતર બિલાડીના પ્રાણઘાતક પંજાથી બચવા માટે પોતાની આંખો બંધ કરી લે છે. આ કેટલું આશ્ચર્યજનક છે, પરંતુ શું કબૂતરે આંખ બંધ કરી દીધી એથી બિલાડી તેને પંજો નહીં મારે ?

મહાભારતમાં એક પ્રસંગ આવે છે, યક્ષ યુધિષ્ઠર સંવાદ. તેમાં યક્ષે યુધિષ્ઠિરને પ્રશ્ન કર્યો સંસારનું સૌથી મોટું આશ્ચર્ય શું છે ? યુધિષ્ઠરે કહ્યું સૌથી મોટું આશ્ચર્ય એ છે કે મનુષ્ય બીજાનું મૃત્યુ જોયા પછી પણ પોતાના મૃત્યુને ભૂલી જાય છે.

અહીં સમજવાની વાત એ છે કે આપણે મૃત્યુ અંગે સજાગ થવું જરૂરી છે. મૃત્યુ અંગે સજાગ થવાનું તાત્પર્ય છે મૃત્યુને જાણવું, સમજવું તથા સમજદારી પૂર્વક જાગી જવું. ન તો મૃત્યુથી વિચલિત થવું કે બીજાનું મૃત્યુ જોઈ ભયભીત થવું.

આ જ કાર્ય બ્રહ્માત્માઓનું છે. તેઓ આ અટલ સત્યથી ક્યારેય ભયભીત થતાં નથી. તેઓ તો મૃત્યુને ગળે લગાવે છે. તેમને મૃત્યુ કાંઈ કરી

શક્તું નથી. સાધારણ લોકો જે મૃત્યુથી ભયભીત થઈને હંમેશાં દૂર ભાગે છે ત્યારે બ્રહ્માત્માઓ તેમનો સહૃદય સ્વીકાર કરે છે. કેમ કે તેઓ સારી રીતે જાણે છે મૃત્યુનું કડવું સત્ય, એટલા માટે તેઓ મૃત્યુ પૂર્વે જ બધા કામો આટોપી લે છે, જેથી મૃત્યુનો ભય ન રહે. એ જ રીતે કુશળ અને તેજસ્વી પરીક્ષાર્થી સમય મર્યાદાથી પાંચ મિનિટ પૂર્વે જ પ્રશ્ન પત્રમાં આપેલા પ્રશ્નોના સાચા જવાબો લખી નિશ્ચિંત બની જાય છે.

આપને જાણ હશે કે પાકેલું ફળ ડાળી પરથી સહજ રીતે નીચે પડે છે. પરંતુ ફળ જો કાચું હશે તો તે ડાળીને છોડશે નહીં. તેને તોડવા જતાં ડાળી પણ તૂટી શકે છે. પૂરેપૂરું પાકેલું ફળ મધુર રસથી પરિપૂર્ણ હોય છે.

આ જ રીતે જેઓએ જીવન જીવતાં જ સત્યાસત્યને જાણી લીધું, સંસારના ખારા રસનો પરિત્યાગ કરી આત્મજ્ઞાન રૂપી મધુર રસને પોતાના જીવનમાં ભરી લીધો છે તેને આ મૃત્યુ જરા પણ દુઃખદાયી કે શોકપૂર્ણ લાગશે નહીં. જેણે આ મૃત્યુ રૂપી અટલ સત્યને જાણી લીધું તેણે પોતાના આત્મા તથા પરમાત્માને પણ સારી રીતે જાણી લીધા છે. જેણે આત્મા તથા પરમાત્માને જાણી લીધા છે, ઓળખી લીધા છે તેમના માટે હવે કોઈ અન્ય કાર્ય બાકી રહેતું નથી. જેણે બધું જ મેળવી લીધું અને જેમને મેળવવાનું કાંઈ બાકી રહેતું નથી તે શા માટે વિચલિત થશે ? શા માટે ભયભીત થશે ? શા માટે રડશે ? શા માટે ગભરાય ? તે તો હંમેશાં શાંત હશે તેને કોઈ વિચલિત કરી શક્તું નથી. તે તો ધ્રુવની જેમ મૃત્યુના શીશ પર પગ રાખીને આગળ વધશે. તે મંજિલ પર પહોંચશે જ્યાં સત્યની સિવાય, આનંદના સિવાય અન્ય કાંઈ નથી.

જેમ કોઈ બુદ્ધિશાળી રેલયાત્રી સ્ટેશનના આગમન પૂર્વે પોતાનો સામાન બાંધી નિશ્ચિંત બની સ્ટેશન આવવાની પ્રતીક્ષા કરે છે. જેવું સ્ટેશન આવ્યું કે તે તરત આરામથી ઉતરી ચાલવા લાગે છે. પરંતુ જો મૂઢ યાત્રી હશે તો તે સામાન બાંધવાના સમયે અન્ય મોજ મસ્તીમાં લાગેલો રહેશે અને જેવું સ્ટેશન આવ્યું કે તે સામાન પેક કરવા બેબાકળો બની જશે. આપણે રેલયાત્રાને સાચી રીતે સમજીએ તો જીવનયાત્રા પણ સારી રીતે સમજી શકાય. મહામતિજી યાત્રાની પૂર્વ તૈયારી માટે નિર્દેશ કરતાં કહે છે,

**યૂં તૈયારી કીજિએ, આગૂં કરની હૈ દૌડ ।**
**સબ અંગ ઈસક લેય કે, નિકસો બ્રહ્માંડ ફોડ ॥**

જેઓ હંસતા હંસતા, પ્રસન્ન ચિત્તે આ સંસારને છોડી પોતાના મૂળઘર જવા માટે તૈયાર છે તે તો બ્રહ્માત્મા છે તેને જરા પણ રંજ નથી સંસાર છોડવાનો. પરંતુ તેમના માટે તો મૃત્યુ મહા ઉત્સવ છે, મહામિલનની એક અનમોલ ઘડી છે.

ગીતામાં આવા લોકોને જ્ઞાની કહ્યા છે. જ્ઞાની ક્યારેય વિચલિત થતો નથી. તે બીજાને જોઈને જાગી જાય છે.

રાજકુમાર સિદ્ધાર્થે જ્યારે પ્રથમ વખત મૃતદેહને જોયો ત્યારે તેની અંદર એ જિજ્ઞાસા જાગી કે શું અમારી જીવન યાત્રાનો અંત મૃત્યુ જ છે ? આ પ્રશ્ન તેના હૃદય અને મનમાં દોડવા લાગ્યો, પરંતુ આ પ્રશ્ન ઉદ્ભવ્યા પછી સાધારણ લોકોની જેમ અશુભ વિચાર કહીને એનાથી દૂર ભાગ્યા નહીં, ન તો આ પ્રશ્ન ને ભૂલવાની કોશિશ કરી. તેઓ મૃત્યુની ગૂઢ સમસ્યાને ઉકેલવામાં નીકળી પડ્યા અને મૃત્યુને પાર જઈને બુદ્ધત્વને પ્રાપ્ત થયા.

જે વ્યક્તિ આ સ્થૂળ જીવનમાં મૃત્યુનું સત્ય જાણી લે છે, આત્મા અને પરમાત્માને જાણી લે છે તેમનું અહીંથી પ્રસ્થાન કરવું પણ ઘણું જ દિવ્ય હોય છે બિલકુલ સૂર્યાસ્તની જેમ. સૂર્ય ડૂબતા સમયે પણ એ જ લાલશ બનાવી રાખે છે, જેવી તેના ઉદય કાળે હતી. જો સૂર્યનો આ દિવ્ય સંદેશ જાણીએ તો મનુષ્ય પણ અંતકાળે તે જ આનંદ, તેવું જ પ્રસન્ન ચિત્ત, તેવી જ આભા, તે જ પ્રભા, માટે મહાપ્રયાણ કરશે જે એમનું વાસ્તવિક રૂપ છે.

ગ્રીસના તાનાશાહ ક્રીટોએ સુકરાતને મૃત્યુદંડ સંભળાવતાં પૂછ્યું, તમે કેવું મૃત્યુ ઇચ્છો છો ? સુકરાતે કહ્યું ! જો મને મૃત્યુ દંડ આપી શક્તા હો તો તમે ચાહો એવી રીતે આપી શકો છો, પરંતુ તમે મને મારી શકશો નહીં કેમ કે હું તો અમર છું, અવિનાશી છું. શાશ્વત છું. તે અજ્ઞાની રાજા તેમના આ સાર ગર્ભિત શબ્દોનો અર્થ સમજી શક્યો નહીં. તેણે સુકરાતને ઝેરનો પ્યાલો આપ્યો. તે તેને સહજતાથી પી ગયો. બાજુમાં સુકરાતના અનેક શિષ્ય શોકમગ્ન ઊભા હતા. તે બધાને સુકરાતે બાજુમાં બેસાડયા અને પોતાના શરીરના મૃત્યુનો અનુભવ બતાવવા લાગ્યો.

જ્યારે તેના પગમાં શિથિલતા આવી તો તેમણે કહ્યું જુઓ મારા પગ મરી ગયા, પરંતુ હું જીવતો છું. ધીમે ધીમે શરીરના ઉપરના અંગો પણ હલાવવા મુશ્કેલી પડી ત્યારે સુકરાતે હસતાં હસતાં કહ્યું, આ મારા હાથ પણ નિર્જીવ થઈ ગયા પરંતુ હું કુશળ છું. પછી તેની આંખો બંધ થઈ ગઈ. છતાં પણ તેમના ચહેરા પર એ જ આભા એ જ પ્રભા, એવી જ નિર્ભયતા, એવી જ સહજતા તથા પ્રસન્નતા છવાઈ રહી. માનો તેના રોમ રોમ બોલી રહ્યા હોય, તે તાનાશાહીની તરફ ઈશારો કરી જુઓ તમે મને મારવાની કોશિશ તો કરી, પરંતુ તમને થોડી પણ સફળતા પ્રાપ્ત થઈ નહીં તમે આટલું કર્યા છતાં પણ કેવળ મારું શરીર જ મરી ગયું. હું તો જેવો હતો તેવો જ છું, જુઓ હું જીવિત છુ. મને તારી ઉપર દયા આવી રહી છે. કેમ કે તારો આ ઉપાય નકામો ગયો.

આ છે જ્ઞાનીનું મૃત્યુ, તેમણે પહેલાથી જ સત્યને પિછાણ્યું હતું, જાણ્યું હતું. એટલા માટે તે નિશ્ચિંત હતો.

એનાથી ઊલટું અંતિમ ક્ષણોમાં જ્યારે એક સાધારણ મનુષ્યના પ્રાણ શરીરના એક એક કોષમાંથી ખેંચાય છે ત્યારે તે ભયંકર પીડાનો અનુભવ કરે છે. સાધારણ જીવો અને મહાપુરુષોના મૃત્યુમાં એ જ અંતર છે. એનો અર્થ એ છે કે જો જીવન દરમિયાન જ આ શાશ્વત સત્યની ઓળખ કરી લો તો જીવનની પીડા ઓછી થઈ જશે. મૃત્યુ એક ઉત્સવ બની જશે.

બસ સમજવાનું એટલું જ છે કે હું નિત્ય છું, શાશ્વત છું, અવિનાશી છું, શુદ્ધ છું, બુદ્ધ છું અને મુક્ત છું. નાશ થાય છે તો કેવળ આ પાંચ ભૌતિક દેહનો, જેમ શ્રી કૃષ્ણજીએ ગીતામાં કહ્યું છે

**અન્તવન્ત ઈમે દેહા નિત્યસ્યોકતાઃ શરીરિણઃ ।**
**ન જાયતે મ્રિયતે વા કદાચિન્નાયં ભૂત્વા ભવિતા વા ન ભૂયઃ ।**
**અજો નિત્યઃ શાશ્વતોડયં પુરાણો ન હન્યતે હન્યમાને શરીરે ॥**

આ આત્મા કોઈ કાળે ન જન્મે છે ન મરે છે. આ આત્મા અજન્મા, નિત્ય, શાશ્વત અને પુરાતન છે. શરીરનો નાશ થવા છતાં પણ એનો નાશ થતો નથી.

પરિવર્તન તેનું થાય છે જેમાં વિકાર પેદા થતો હોય, શરીરમાં ઉત્પન્ન થતાં સમસ્ત વિકારોથી આત્મા પર છે. જન્મ, અસ્તિત્વ, વૃદ્ધિ, વિકાર, ક્ષય અને નાશ આ છ પ્રકારના પરિવર્તન શરીરમાં થાય છે. આ એક મૃત્યુ પામતાં શરીરનો ધર્મ છે. એની આત્મા પર કોઈ અસર થતી નથી, કેમ કે આત્મા આ વિકારોથી સદા મુક્ત છે.

શરીરની જેમ આત્માનો જન્મ થતો નથી, કેમ કે તે તો સદા વિદ્યમાન છે. તરંગોની ઉત્પત્તિ થાય છે અને નાશ થાય છે, પરંતુ તેની સાથે ન તો સમુદ્રની ઉત્પત્તિ થાય છે અને ન તો નાશ. જેનો આદિ છે તો અંત થાય છે. ઉત્તાલ તરંગો જ મૃત્યુનો અંતિમ શ્વાસ લે છે. સદા વિદ્યમાન આત્માના જન્મ અને નાશનો પ્રશ્ન જ ઊઠતો નથી. આથી અહીં કહેવામાં આવ્યું છે કે આત્મા અમર અને નિત્ય છે.

આત્મા સનાતન તથા નિત્ય હોવાને લીધે એને શસ્ત્રો છેદી શક્તા નથી, અગ્નિ બાળી શક્તો નથી, પાણી ભીંજવી શક્તું નથી, વાયુ સૂકવી શકતો નથી.

આ જન્મ અને મૃત્યુનો તો માત્ર ભ્રમ છે. આ શરીર તો માત્ર આત્માનું વસ્ત્ર છે, જેમ મનુષ્ય જર્જરિત વસ્ત્રોનો ત્યાગ કરી બીજા નવા વસ્ત્રોને ધારણ કરે છે તેમ જીવાત્મા જ્યાં સુધી જૂના શરીરનો ત્યાગ કરી બીજા નવા શરીરને ધારણ કરે ત્યાં સુધી તેમની કેટલીક ઇચ્છાઓ, તૃષ્ણાઓ શેષ રહે છે.

આ રીતે આત્મજ્ઞાન રૂપી આધ્યાત્મિક સરોવરમાં અવગાહન કરી **'તમસો મા જ્યોતિર્ગમય' 'મૃત્યોર્માડમૃતં ગમય'** આ શ્રુતિને અનુરૂપ અંધકારથી પ્રકાશની તરફ, મૃત્યુથી અમરત્વની તરફ પ્રસ્થાન કરવું જ મનુષ્યનું પ્રમુખ કર્તવ્ય છે. આથી **'ઉત્તિષ્ઠ, જાગ્રત પ્રાપ્યવરાન્નિબોધતઃ'** આમ શ્રુતિ કહે છે કે જાગૃત થઈ નિજાનંદની અનુભૂતિ કરવી જ મનુષ્યનો સહુથી મોટો ધર્મ છે. મૃત્યુથી અમરત્વની તરફનું તાત્પર્ય જ નિજાનંદાનુભૂતિ છે.

# નિજધામ

**પરમધામવાસી ડૉ. શાસ્ત્રી મહેન્દ્ર રાવલ**

**પવનો લીયતે યત્ર મનસ્તત્ર વિલીયતે ।** (મંત્ર મહાર્ણવ)

જયાં આગળ આપણો પ્રાણવાયુ સ્થિર થઈ જાય છે ત્યાં આપણું મન પણ સ્થિર થઈ જાય છે.

ભારત દર્શનની તરસ સાથે જીવે છે. અહીંયાં આશીર્વાદ અને દુવાનો મહિમા ગવાય છે. અહીં આગળ નિજત્વ-નિજધામ અંગે એક વિચાર મૂકું છું. શ્રીમદ્‌ભગવત ગીતામાં શ્રી કૃષ્ણ અર્જુનને કહે છે, **ઈશ્વર સર્વભૂતાનાં હૃદયેર્જુન તિષ્ઠતિ ।** ચૌદ ભુવનનો માલિક એવા પરમાત્મા આપણા અંદરના હૃદયમાં વસે છે.

ગંગાસતી કહે છે, ધ્યાન-ધારણાનો કાયમી અભ્યાસ રાખવો. જીવનમાં લય તૂટવો ન જોઈએ. લય તૂટે ત્યારે માંહ્યલો મૂંઝવણ અનુભવે છે. દરરોજ દશ પંદર મિનિટ મનમાં વિચારો વગર બેસવાથી આનંદની અનુભૂતિ જણાય છે. આ ઉપરાંત એમ પણ કહેવાય છે કે મનોભાવથી કરવામાં આવતી ક્રિયા એ કર્મ છે. જ્યારે શરીરથી થતી ક્રિયા એ માત્ર ક્રિયા છે. અહીં સમજવા માટેનું ગણિત જરા અટપટું છે. રસપ્રદ વાત તો નિજત્વ- નિજધામની ઓળખની છે. આ માટે દૃષ્ટિ કેળવવાની વાત છે. સારપ અને સદ્‌ભાવનામાં શ્રદ્ધા રાખવી. સદ્‌ભાવનો સરવાળો થાય તો નિજધામ તરફની ગતિ આરંભાય.

પ્રેમ એ જીવનનો ઉત્સવ છે. જીવનનો ઉમંગ છે. **કૃષ્ણેતિ મંગલં નામ** જે પ્રેમનો સંદેશ છે. પ્રેમ સહજ હોવો જોઈએ. સહજ પ્રેમ એ જ સાચો ધર્મ છે. જે જીવનમાં અજવાળું પાથરે છે અને સાચો રસ્તો બતાવનાર દીપક છે. આપણા અસ્તિત્વમાં પ્રેમનું રૂપાંતર થાય તો જીવનમાં આનંદ અનુભવાય. આપણામાં છૂપાયેલી ઊર્જાને પ્રગટાવાનો અવસર મળે. પ્રેમ-જ્યોતિ સહુને જીવન સાથે જોડે છે. આપણું અંતઃકરણ રૂપી હૃદય એ બ્રહ્મ કમળ છે. તેની પહેચાન એ જ સૌંદર્યની ઓળખ. આપણી સંપત્તિ છે એ નિજાનંદ.

પ્રેમ ને જીવનમાં પ્રાધાન્ય આપવું જરૂરી છે. પરમાત્મા વાણીથી પર છે. તેને અનુભવ દ્વારા ઓળખી શકાય. મર્યાદાની ઉપર પણ પરમ સત્ય વસતું હોય છે. પરમાત્મા પ્રત્યે પ્રેમ ઉદાસીન હોતો નથી. આપણે જેમ નામને અનુસરીએ તેમ પ્રેમને અનુસરીએ અને આપણા અસ્તિત્વમાં તેનું રૂપાંતર કરીએ. પ્રેમની જ્યોતિ જીવન સાથે જોડાય તો નિજત્વ અને નિજધામની ઓળખ મળશે. સહજ પ્રેમ એ જ સાચો ધર્મ છે. જીવન સાધનાનું અંતિમ લક્ષ્ય તો આપણે આત્માની પિછાણ કરવાની છે. (પહેલે આપ પહેચાનો) દૂધમાં છુપાયેલા ઘીને જો આપણે શોધી શકતાં હોઈએ તો પછી આપણા હૃદયમાં વસતા પરમાત્માને સહજ ભાવે સ્વીકારીએ એ પરમ સત્ય છે. ભજન, સાધના, વ્રત, તપ વગેરે દ્વારા આનંદનો ખજાનો ખોલી સહુ ભક્તજનોને નિજધામ સાથે મેળવી આપશે. એ ભાવ સાથે ઉત્સાહનું સિંચન સહુમાં થાય અને જીવનનું રહસ્ય સમજાય ત્યારે નિજધામ પરમધામની પિછાણ સારી રીતે થાય.

# એકાગ્રતા

મહાન ઋષિ શુકદેવજી એક વખત પોતાના આધ્યાત્મિક જ્ઞાનની ચકાસણી કરવા માટે રાજા જનક પાસે ગયા. રાજા જનકે તેમની કસોટી નીચેની રીતે કરી. તેમણે મહેલની આજુબાજુ બધે સંગીત અને નૃત્યના કાર્યક્રમો ગોઠવ્યા. વિવિધ પ્રકારના દેખાવો અને આનંદપ્રમોદના સાધનો ગોઠવ્યાં. પછી તેમણે છલોછલ તેલ ભરેલી એક તપેલી શુકદેવના હાથમાં આપી અને મહેલની ત્રણ વખત પ્રદક્ષિણા કરવાનું કહ્યું. શરત, એટલી જ કે તપેલીમાંથી તેલનું એક ટીપું પણ જમીન પર ઢોળાવું ન જોઈએ. શુકદેવ તેમાં સફળ થયા. જનક રાજાએ તેમને મહેલની આજુબાજુના દેખાવ તેમ જ આનંદ પ્રમોદના કાર્યક્રમો વિશે પૂછ્યું. શુકદેવજીએ જવાબ આપ્યો કે તેમણે કંઈ જ જોયું ન હતું ! તેમનું સમગ્ર ધ્યાન તેલ ભરેલી તપેલી પર કેન્દ્રિત થયેલું હતું અને તેને કોઈ પણ આકર્ષણ ચલિત કરી શકે તેમ ન હતું. એકાગ્રતા આવી હોવી જોઈએ.

# દિલ દીપ

## (અનંતશ્રી વિભૂષિત જગદ્‌ગુરુ આચાર્યશ્રી કૃષ્ણમણિજી મહારાજ મહારાજશ્રીનો વાણી સંદેશ)

● આપણે સૌ એકસૂત્રમાં બંધાયેલા રહીએ, એ સૂત્ર છે 'પ્રેમ'. પ્રેમ હશે તો જ એક થઈશું. એકતાનો અનુભવ થશે. સુંદરસાથનું તાત્પર્ય પણ આ જ છે.

● જ્યાં બેસીને શ્રીરાજજીનું સ્મરણ કરીએ ત્યાં આપણી બેઠક મૂલમિલાવા છે. ચિંતન મનનની વૃત્તિઓ શ્રી રાજજીના ચરણોમાં લાગેલી હોવી જોઈએ ત્યારે આપણી દરેક બેઠક મૂલમિલાવા બનશે, તો જીવન ધન્ય બની જશે.

● લૌકિક કાર્યોમાં ઓતપ્રોત રહેવાથી હંમેશાં માયાનું ચિંતન બની રહે છે. જેથી અંતઃકરણ પર માયાનું ઝેર ચઢશે, એ વિષને ઉતારવા માટે સંત મહાપુરુષોનો સંગ અતિ આવશ્યક છે.

● શુભ સંકલ્પ ઘણા બધા માણસોને અસર કરી શકે છે. સારી વ્યક્તિઓ આત્મબળથી બીજાના અશુભ સંકલ્પોને દૂર કરે છે. આજે દરેક વ્યક્તિ શુભ સંકલ્પ રાખે અને સુસંગઠિત રહે એની ખાસ જરૂર છે.

● દરેક વસ્તુને પરમાત્માની માનો. વિશ્વબ્રહ્માંડના સ્વામી એક જ પરમાત્મા છે. આપણે પોતે સ્વામી નથી. આપણે પોતાને સ્વામી માની લીધા જેથી સુખનો અનુભવ ન કર્યો અને દુઃખી દુઃખી થયા.

● સર્વ સામર્થ્ય સંપન્ન પરમાત્માને શ્રીરાજજી અથવા શ્રીકૃષ્ણજી કહેવામાં આવે છે. તે આપણા માલિક છે, પ્રિયતમ છે, તેમની સાથે આપણો સંબંધ છે, એ સંબંધને ઓળખીને જીવનને ધન્ય બનાવીએ.

● સર્વ મળીને એક જ દિશામાં એક લક્ષ્યમાં આગળ વધીએ. સમર્પણ ભાવથી પુરુષાર્થ કરીશું તો કાર્ય પણ પૂજા બની જશે.

● કેટલું જીવ્યા એ મહત્ત્વનું નથી, પણ કેવું જીવ્યા એ મહત્ત્વનું છે.

જીવનમાં શું કાર્ય કર્યું તેનું મૂલ્ય છે. માટે સુંદર અને સારા કાર્યમાં જીવન વ્યતીત કરીએ.

● બ્રહ્માત્માઓનું હૃદય જ શ્રી રાજજી માટે પરમધામ છે. આપણે એવો ભાવ વ્યક્ત કરીએ કે, આ શરીરરૂપી મંદિરના હૃદયરૂપી સિંહાસનમાં તેમને બેસાડીએ. જ્યારે રાજજી હૃદયમાં બેસશે તો એ પરમધામ બનશે જ.

● જ્યાં સુધી માનવ મન અહંકારગ્રસ્ત રહેશે, વિકારોથી યુક્ત રહેશે ત્યાં સુધી શાંતિનો અનુભવ નહિ થાય એટલે સારી વાત સાંભળવાની જરૂર છે. તો જ અંતઃકરણ પવિત્ર બનશે અને શાન્તિનો અનુભવ થશે.

● સેવા અને ભક્તિ સમાન અર્થમાં છે. પરમાત્મા અને ગુરુજનો તરફ વ્યક્ત કરેલ શ્રદ્ધા ભક્તિ કહેવાય છે. વિશ્વાસપૂર્વક કરવામાં આવેલ કાર્ય સેવા કહેવાય છે. ભક્તિ ભાવાત્મક હોવાથી તેનું જલદી દર્શન થતું નથી. સેવા ક્રિયાત્મક હોવાથી પ્રત્યક્ષ દેખાય છે.

● પરમાત્મા દૂર નથી, તેઓ પાસે જ છે. પરંતુ માયાને લીધે દેખાતા નથી. માયાનું આવરણ દૂર થતાં જ પરમાત્માનાં દર્શન થાય છે.

● આપણું કર્તવ્ય છે કે તારતમના પ્રકાશ તરફ આંખો ખુલ્લી રાખીએ ત્યારે સત્ય સત્ય જ દેખાશે અને જૂઠ જૂઠ દેખાશે. પછી ખોટાને સત્ય માનીને રડવાની જરૂરત નહીં પડે.

● આપણા ધણી શ્રી રાજજી છે. આપણું સ્થાન સચ્ચિદાનંદમય દિવ્ય પરમધામ છે. જરૂર છે એનો અનુભવ કરવાની, અંતરને પ્રકાશિત કરવાની એ માટે સદ્‌ગુરુનું સાનિધ્ય અને સત્સંગની જરૂર છે.

● મન જ્યાં સુધી કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર, માન પ્રતિષ્ઠાનું પોષણ પ્રાપ્ત કરતું રહેશે ત્યાં સુધી તે સ્થિર નહીં રહી શકે. માટે મનમાં પડેલા વિકારોને દૂર કરીએ. આ કાર્ય ભજન, ભક્તિ, પૂજા, પાઠ, સત્સંગ ચર્ચાથી સંભવી શકે છે.

● આ શરીરને સુંદર મંદિર બનાવો, કચરાપેટી નહીં. હૃદયમાં પરબ્રહ્મ પરમાત્માને રાખશું તો શરીર મંદિર થશે. પરંતુ કામ,ક્રોધ, રાગ, દ્વેષ,

ઈર્ષ્યા, નિંદાથી અંતઃકરણ ભરશું અને આહારવિહાર ખોટા રાખશું તો આ શરીર કચરાપેટી બનશે.

● સુખ, શાન્તિ અને સંપૂર્ણ જરૂરિયાતોનું કેન્દ્રબિન્દુ પરમાત્મા છે. પરમાત્માથી વિમુખ થઈને 'સ્વ' ને જાણી શકાતો નથી. પરમાત્માથી વિમુખ થઈ જવું અને પોતાને ન ઓળખવું એજ આત્મરોગ છે.

**(પૂ.મહારાજશ્રીનાં પ્રવચનોમાંથી) - સંકલનઃ સંપાદક મંડળ**

---

# આપણી આધુનિક સુવિધાઓ

## આપણી વેબ સાઈટ પર આપશ્રી નીચે મુજબની માહિતી જાણી શકો છો.

૧) શ્રી ૫ નવતનપુરી ધામની પાંચ આરતીઓના દર્શન. મંગલા આરતી સવારે ૦૫.૧૫ કલાકે, સિનગાર આરતી સવારે ૦૯.૧૫ કલાકે, થાળભોગ આરતી બપોરે ૧૧.૧૫ કલાકે, સંધ્યા આરતી સાંજે ૦૭.૧૫ કલાકે, શયન આરતી રાત્રે ૦૮.૩૦ કલાકે.

૨) શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકા દર રવિવારે સાપ્તાહિક અને દર મહિનાની ૧૭ મી તારીખે માસિક પત્રિકા અપલોડ થાય છે. આપ વાંચી શકો છો તથા આપના આર્ટિકલ પણ મોકલી શકો છો.

૩) શ્રી ૫ નવતનપુરી ધામમાં ઉજવાતા સેવા સમૈયાનું લાઈવ પ્રસારણ. ઉદા. શ્રી પ્રાણનાથ જયંતી, છઠ્ઠી મહોત્સવ, શરદપૂનમ, જન્માષ્ટમી, રાધાષ્ટમી, ગુરુપૂર્ણિમા. દર મહિનાની પૂનમમા સવારે મહરાજશ્રીજીના પ્રવચન થાય છે.

૪) અવારનવાર પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીના પ્રવચનો/આશીર્વચનોના વીડીઓ.

૫) શ્રી કૃષ્ણ પ્રણામી સમ્પ્રદાયના મંદિરોની યાદી અને સરનામા.

આપશ્રી ઉપરોક્ત વિષયોમાંથી શું જોવા ચાહો છો ? આ વેબસાઈટ અંગેના આપના સૂચનો પણ આવકાર્ય છે.

**Pranami Tv** ના માધ્યમથી **રોજ સાંજે ૫ થી ૬ વાગ્યા સુધી** પ્રવચન લાઈવ જોઈ શકો છો.

**E-mail : navtanpuri@krishnapranami.org**

**Website : www.krishnapranami.org**
**www.krishnapranami.org/usa**

# અણમોલ શ્લોક

**ન જાયતે મ્રિયતે વા કદાચિન્નાયં ભૂત્વા ભવિતા વા ન ભૂયઃ ।**
**અજો નિત્યઃ શાશ્વતોऽયં પુરાણો ન હન્યતે હન્યમાને શરીરે ॥**

(ગીતા ૨/૨૦)

આ આત્મા કોઈ પણ કાળમાં ન તો જન્મે છે ન મરે છે. ભવિષ્યમાં ઉત્પન્ન થનાર પણ નથી કારણ કે આ આત્મા તો અજન્મા, નિત્ય, સનાતન અને પુરાતન છે. શરીરનો નાશ થવાથી તે નાશ પામતો નથી.

જે મૃત્યથી અમે ભય પામીએ છીએ, શું આપણે ક્યારેય તેને જોયું છે ? તેનો સ્વાદ ચાખ્યો છે ? ક્યારેય નહીં. તો પછી આપણે શા માટે ભય રાખીએ છીએ ? જે રીતે જૂનું ઘર છોડી નવા ઘરમાં જવાથી કોઈ દુઃખ થતું નથી. એ જ રીતે જે જૂનું શરીર છોડીને પોતાની સમગ્ર આત્મ શક્તિઓની સાથે ખુશી-ખુશી નવાં શરીરમાં જાય છે તે સુખી રહે છે. તે જ આનંદ મેળવે છે. તેને મોતનો ભય નથી હોતો. તેને મૃત્યુ સમયે કુટુમ્બીજનોનો કોઈ મોહ નથી હોતો. તે સમજે છે કે મારું જીવન મારી સાથે જઈ રહ્યું છે, હું કોના માટે રડું ?

**વાસાંસિ જીર્ણાનિ યથા વિહાય નવાનિ ગૃહ્ણાતિ નરોऽપરાણિ ।**
**તથા શરીરાણિ વિહાય જીર્ણાન્યન્યાનિ સંયાતિ નવાનિ દેહી ॥**

(ગીતા ૨/૨૨)

જેમ માણસ જૂનાં વસ્ત્રોનો ત્યાગ કરી નવાં વસ્ત્રો ધારણ કરે છે. તેવી જ રીતે જીવાત્મા જૂનાં શરીરનો ત્યાગ કરીને બીજા નવા શરીરો ધારણ કરે છે.

જેઓ આ શરીરને જ(હું) અથવા(સ્વયં) પોતે માની બેઠા છે તે જીવના દ્વારા વસ્ત્ર બદલવાની ક્રિયાને મૃત્યુ માને છે પરંતુ જેઓ આ શરીરરૂપી વસ્ત્રોને પોતાનાથી અલગ માને છે. તેમને શરીર બદલવાથી ન તો હર્ષ થાય છે ન શોક. જે એવો વિચાર કરે છે કે મૃત્યુ આ શરીરનું થાય છે, મારું નહીં. હું તો અમર છું. અવિનાશી છું. નિત્ય છું, શાશ્વત છું, મારું કાંઈ બગડવાનું નથી, આ પ્રકારની આત્મિક દૃષ્ટિ પ્રાપ્ત કરવાનું નામ જ જીવન છે. જેણે સાચા જીવનને મેળવી લીધું તેનું ક્યારેય મૃત્યુ થતું નથી. મોત તો એનું થાય છે જે જન્મ ધારણ કરે છે. તો વિચાર કરો શું આત્મા ક્યારેય ક્યાંયથી જન્મ પામ્યો છે. ના ! આત્મા ન તો ક્યારેય જન્મે છે, ન ક્યારેય મરે છે.

# સત્સંગ

સંપર્ક, સંસર્ગ અને સત્સંગ જીવનમાં આ ત્રણેયની જરૂર તો પડે છે પણ ભૌતિકવાદને રવાડે ચઢીને સંપર્ક અને સંસર્ગ વધતો ગયો છે. પરંતુ સત્સંગ ભૂલાઈ ગયો છે. ધર્મ કોઈ પણ હોય તેમાં સત્સંગની જરૂર છે જ. દરેક ધર્મના ધર્મીને નાનો કે મોટો સત્સંગ જરૂરી હોય છે.

પરમાત્માને નહીં માનનાર વ્યક્તિ પણ ક્યારેક તો જિંદગીની કો'ક પળે પરમાત્માને યાદ કરે છે. મંદિરનું પગથિયું નહીં ચડનારો પણ મંદિરના ઓટલાને તો સારો જ માને છે. ત્રણ દુશ્મનો આપણી પાછળ પડ્યા છે. ૧) રોગ ૨) વૃદ્ધાવસ્થા ૩) મૃત્યુ. આ ત્રણ એટલા ખતરનાક દુશ્મનો છે કે તમે લાખ પ્રયત્ન કરો પણ અટકશે નહીં. આ ત્રણ દુશ્મનો જ્યારે આપણી ઉપર હુમલો કરશે ત્યારે એમાં શાંતિ અને સમાધિ આપનાર એક જ તત્ત્વ છે એનું નામ છે સત્સંગ. સત્સંગનું બીજું નામ છે ધર્મ.

સત્સંગ કરવો ન ગમે તેની પાછળનું કારણ છે તમારા સંપર્કો. સંપર્ક તમારા ખૂબ વધ્યા પણ પ્રેમ ઘટ્યો.

ફેસબુક કે વોટ્સઅપ ઉપર તમારા ૩૦૦ મિત્રો હશે પણ જીવનનો રાહ બતાવનાર યોગ્ય એકાદ સાચો મિત્ર છે ? તમારા સંપર્કો તમારું કલ્યાણ કરનાર હોવા જોઈએ. બીજા નંબરની વાત છે સંસર્ગની. સંસર્ગ એટલે શું ? માત્ર બુદ્ધિથી મળવું એ સંસર્ગ. જેમાં હૃદય ગેરહાજર હોય.

સંપર્ક અને સંસર્ગ આ બન્નેમાં ક્યારેક પસ્તાવું પડે કે મનદુઃખ થાય એવી ઘટના ઘટી શકે છે. પણ ત્રીજી વાત છે સત્સંગની......સજ્જનોની સાથે રહેવું એટલે સત્સંગ.

સાધુઓનો સંગ એટલે સત્સંગ. ધર્મસભા, સંસ્કાર ઘડતર, ધાર્મિક આચરણ, ધર્મવૃત્તિ, સેવા આ બધા સત્સંગના લાભ છે. એવું બને કે હર પળે તો આપણને સાધુ પુરુષોનો સંગ મળે નહીં ત્યારે શું કરવું ? પુસ્તક જ એ વખતે કાફી છે. સારા પુસ્તકો સાચા મિત્ર છે. પુસ્તકો વસાવવા, સારા પુસ્તકો વાચવા એ પણ એક મોટો સત્સંગ છે.

**બે માણસો હાથથી મળ્યા સંપર્ક થઈ ગયો.**
**બે માણસો બુદ્ધિથી મળ્યા, સંસર્ગ થઈ ગયો.**
**બે માણસો હૃદયથી મળ્યા, સત્સંગ થઈ ગયો.**

**- મુનિ રાજદીપ વિજય**

# સમાચાર દર્પણ
# ધોરાજીમાં શ્રી બાઈજીરાજ મહારાણી સેવાશ્રમ

ધોરાજી એટલે શ્રીબાઈજીરાજ મહારાણીનું પિયર, આ દૃષ્ટિએ શ્રીકૃષ્ણ પ્રણામી ધર્મમાં ધોરાજીનું વિશિષ્ટ સ્થાન છે. ધોરાજી મુકામે શ્રી બાઈજીરાજ મહારાણીની સ્મૃતિ કાયમ રહે તે માટે શ્રી ૫ નવતનપુરીધામ તરફથી ધોરાજી શહેરમાં બસ સ્ટેન્ડની સામે શ્રી બાઈજીરાજ સેવાશ્રમ ચલાવવામાં આવે છે. દરેક સુંદરસાથે ધોરાજીના દર્શન કરવા જોઈએ. શ્રી વીતકમાં ધોરાજીનો પ્રસંગ આ પ્રમાણે આવે છે,

શ્રી પ્રાણનાથજી કોઈ કાર્ય પ્રસંગે જામનગરથી જૂનાગઢ તરફ જઈ રહ્યા હતા. પ્રાતઃકાળના સમયે વચ્ચે ધોરાજી નામનું એક ગામ આવ્યું આથી તેઓ સ્નાન અને ધ્યાન માટે ત્યાં રોકાઈ ગયા. ગામની પાસે એક નાનકડી નદી હતી. તેના કિનારા પર બેસીને શ્રી પ્રાણનાથજી સ્નાન કરી ધ્યાન કરવા લાગ્યા.

ધોરાજીમાં વીરજી ભાણજી નામના લોહાણા ક્ષત્રિય રહેતા હતાં. તેને તેજકુંવર નામની એક કન્યા હતી. એ કન્યા પિતાજીની સાથે નદી પર પાણી ભરવા માટે આવી, જ્યારે પાણીનો ઘડો ઉઠાવીને કિનારા પર આવી; ત્યાં જ શ્રી પ્રાણનાથજીને બેઠેલા જોયા. આથી તેજકુંવરે લાજ તાણી લીધી.

કન્યા કુંવારી હતી, હજી તેનો વિવાહ થયો ન હતો. તેથી તેણે ઘૂંઘટ કાઢયો ત્યારે પિતાજીને બહુ આશ્ચર્ય થયું. તેણે પૂછ્યું. બેટી ! તે અચાનક ઘૂંઘટ કેમ કાઢયો ?

કન્યાએ જવાબ આપ્યો. આ સામે ધ્યાન પૂજન કરે છે, તેઓ મારા પૂર્વ જન્મના પતિદેવ છે. એટલે આપની સામે મર્યાદા કરવી એ મારો ધર્મ છે. પરંતુ આથી પિતાને વિશ્વાસ ન આવ્યો ત્યારે પુત્રીએ તેમના દિયર-જેઠ સાસુ-સસરા વગેરે પરિવારનો પરિચય પણ કહી સંભળાવ્યો. જ્યારે પિતાએ શ્રી પ્રાણનાથજી પાસે આવીને પૂછ્યું, ત્યારે પુત્રીની કહેલી વાત સાચી નીકળી ! આથી ત્યાંના બધાં લોકો આશ્ચર્યમાં પડી ગયા. આ ઘટના પાછા ફરીને જ્યારે વિહારીજીને

સંભળાવી ત્યારે તેઓ ખૂબ પ્રસન્ન થયા. અને તેમણે શ્રી પ્રાણનાથજીના લગ્ન શ્રી તેજકુંવર સાથે કરાવી દીધાં. શ્રી પ્રાણનાથજી તો સર્વ પ્રકારે વીતરાગ બની ચૂક્યા હતા. આથી તેમણે વિવાહ કરવામાં રસ ન હતો. વિહારીજીએ હઠ છોડી નહીં ને શ્રીજીનો વિવાહ કરવામાં આવ્યો.

**પરખિ વ્યાહ કીન્હોં તહાં, નિજ અમલાવતી અંગ ।**
**અપનો રૂપ સ્વભાવ હૈં, કર ગહિ લિન્હીં સંગ ॥**

આ પ્રકારે વિહારીજીના અતિશય આગ્રહ અને અમલાવતી સ્વરૂપ બ્રહ્મવાસનાના સંબંધથી શ્રી પ્રાણનાથજીની ઈચ્છા ન હોવા છતાં વિવાહ કરવા પડયા. તેજ કુંવરીને સુંદરસાથજી શ્રી બાઈજી મહારાણી તરીકે સંબોધવા લાગ્યા.

શ્રી બાઈજીરાજ મહારાણીએ પણ શ્રી પ્રાણનાથજીનાં ધાર્મિક કાર્યોમાં સતત મદદ રૂપ થઈ પ્રચાર પ્રસારના કાર્યોમાં પૂર્ણ સહયોગ પ્રદાન કર્યો. સમગ્ર સુંદરસાથજીને માતૃપ્રેમ આપી સહુના દિલ જીતી લીધાં. આ રીતે શ્રી બાઈજીરાજ મહારાણીનું સ્થાન અને પ્રદાન શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મમાં ખૂબ જ મહત્ત્વ નું છે.

## ઉતારા - ભોજન વ્યવસ્થા

સુંદરસાથજી ! શ્રી ૫ નવતનપુરી ધામમાં બહાર ગામથી આવતા સુંદરસાથ માટે આવાસ અને ભોજન-પ્રસાદની સુંદર વ્યવસ્થા છે. આ વ્યવસ્થાને હજી વધારે સારી બનાવવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. એટલા માટે આપ બધાંના સહકારની અતિ આવશ્યકતા છે. જો આપ આપના આગમનની સૂચના પહેલાથી આપી રાખો તો વ્યવસ્થા જાળવવામાં સરળતા રહે. સાથોસાથ આપની યોગ્ય વ્યવસ્થા પણ કરી શકાય.

**આવાસ વ્યવસ્થા સંપર્ક : ૦૯૭૧૪૦૦૯૬૦૬ / ૮૫૧૧૨૨૬૬૦૦**
**E-mail : aavas@krishnapranami.org**
**navtanpuri@krishnapranami.org**

# શ્રી ૫ નવતનપુરી ધામમાં માર્ચ ૨૦૨૧ દરમ્યાન દાન ભેટ સેવા આપનાર સુંદરસાથ

₹ ૧૧૦૦૦/- એસ. વી. એન્ટરપ્રાઈઝ - **જામનગર.**

₹ ૭૦૦૦/- આગ્નેય હિરેનભાઈ રાજપાલ - **ખાનપુર.**

₹ ૫૧૦૦/- વિરેશભાઈ રવજીભાઈ પટેલ - **આમોદ (આણંદ).**

₹ ૫૦૦૦/- ધાપૂબેન રાયચંદભાઈ નિજાનંદ - **કટવાળા.**

₹ ૫૦૦૦/- કાવડ કન્સ્ટ્રકશન - **જામનગર.** હસ્તેઃ ધીરૂભાઈ .

₹ ૫૦૦૦/- અશ્વિન ગજેરા - **ડાલાસ(યુ.એસ.એ.).**

₹ ૨૫૦૦/- ભરતભાઈ સોની - **રાધનપુર.**

₹ ૨૧૦૦/- લીલાબાઈ મહિલા મંડળ - **જીવાપર.**

₹ ૨૧૦૦/- કરશનભાઈ નારણભાઈ કોટડિયા - **બેડીયા.**

₹ ૨૧૦૦/- દલપતભાઈ મોહનભાઈ ગોંડલિયા - **જુનાવાગડિયા.**

₹ ૨૧૦૦/- વિજય કટારીયા - **દહેરાદૂન.**

₹ ૨૧૦૦/- પુષ્પાબેન અમૃતલાલ દાવડા - **મુંબઈ.**

₹ ૨૧૦૦/- પરમધામવાસી લક્ષ્મીબેન દામજીભાઈ વાગડીયા - **ખારાવેડા.**

₹ ૨૦૦૦/- ઠેબાભાઈ ચૌહાણ - **કુતિયાણા.**

₹ ૨૦૦૦/- ઈનાબેન હરેશકુમાર પટેલ - **મોયદ.**

₹ ૨૦૦૦/- પરમધામવાસી લાલજીભાઈ દેવકરણ ઠક્કર - **વડોદરા.** હસ્તેઃ મુકેશભાઈ.

## દાન ભેટમાં ₹ ૧૧૦૦/ સેવા આપનાર સુંદરસાથ

(૧) પરમધામવાસી શાંતાબેન સવજીભાઈ અકબરી - **હરિપર.** હસ્તે : જયાબેન ગંગદાસભાઈ ચોવટીયા (૨) નાનાલાલ પ્રાગજીભાઈ વાઢેર - **અંજાર(કચ્છ).** (૩) પરમધામવાસી કિશોરભાઈ અકબરી - **હરિપર** (૪) પટેલ હસમુખભાઈ ગોપાલભાઈ -**રૂપપુરા** (૫) અનિલ જોબનપુત્રા - **મુંબઈ** (૬) વિભૂતિ ભરત ભેડા - **ભાયંદર(મુંબઈ)** (૭) યોગેશકુમાર ધરમશીભાઈ ગાજે (૮) મહેશભાઈ પ્રેમજીભાઈ ખૂંટ - **ગોંડલ.** (૯) લાભુબેન રવજીભાઈ કુંભાણી - **અમદાવાદ** (૧૦) બકુલભાઈ લાલજીભાઈ કુંભાણી - **અમદાવાદ.** (૧૧) કાંતિભાઈ પ્રેમજીભાઈ ચૌહાણ - **દુર્ગ.** ૧૨) નરેશભાઈ મગનભાઈ પટેલ - **રૂપપુરા.** (૧૨) गिरधरलाल – **गोवटी ( राज. )**।

# અન્નાદ્ ભવન્તિ ભૂતાનિ - પાકી રસોઈની સેવા

₹ ૧૮૫૦૦/- પરમધામવાસી જશુભાઈ જેરામભઆઈ કુંભાણી - **મહુઆ.**
હસ્તે : માનસી કુંભાણી.

₹ ૧૭૭૪૦/- ચોવટિયા દામજીભાઈ જેસંગભાઈ - **હર્ષદપુર.**

₹ ૧૭૦૦૦/- શ્રી કૃષ્ણ પ્રણામી મહિલા મંડળ - **મયૂર ટાઉનશીપ(જામનગર).**
હસ્તે : શોભનાબેન નસિત.

₹ ૧૪૯૪૦/- પરમધામવાસી હંસરાજભાઈ ધરમશીભાઈ ચોવટીયા - **ખોખડદડ.**
હસ્તે : વિનોદભાઈ હંસરાજભાઈ ચોવટીયા.

₹ ૧૪૨૪૦/- ધામવાસી ધીરજલાલ છગનલાલ ભંડેરી - **મુંબઈ**. હસ્તે : હસમુખભાઈ.

₹ ૧૩૯૧૦/- કાંતિભાઈ પ્રભુદાસ પટેલ - **આમોદરા.**

₹ ૧૩૮૧૫/- જિજ્ઞેશકુમાર રામજીભાઈ વસોયા - **મેટોડા.**

₹ ૧૩૮૦૦/- વિનોદભાઈ ઉદ્ધવજીભાઈ સંઘાણી - **જામનગર.**

₹ ૧૩૬૧૫/- જગાભાઈ મોહનભાઈ કોરાટ - **સાંગણવા**. હસ્તે : અરવિંદભાઈ.

₹ ૧૩૨૩૦/- પરમધામવાસી જયાબેન નવીનચંદ્ર ભાવસાર - **સેલવાસા.**
હસ્તે : રાકેશભાઈ ભાવસાર.

₹ ૧૩૧૨૦/- આરવ આશિષભાઈ આપલિયા - **રાજકોટ**. હસ્તે : આશિષભાઈ.

₹ ૧૨૫૪૦/- શ્રીમતી ડાહીબેન રમણભાઈ પટેલ - **આમોદરા (હાલ યુ.એસ. એ.).**

₹ ૧૨૦૦૦/- વાઘજીભાઈ વસોયા - **મેટોડા.**

₹ ૧૧૯૯૦ /- વાઘજીભાઈ કાનજીભાઈ સભાયા - **મેટોડા.**

₹ ૧૧૫૪૦/- વિઠ્ઠલભાઈ વીરજીભાઈ વાગડિયા - **ઠેબા.**

₹ ૧૧૪૨૦/- પરમધામવાસી ધૂળીબેન રણછોડભાઈ પટેલ - **બાવસર**
હસ્તે : શારદાબેન સાકાભાઈ પટેલ.

₹ ૧૦૮૦૦/- કુસુમબેન રમણીકલાલ વાઢેર - **ગાંધીધામ(કચ્છ).**

₹ ૧૦૧૪૫/- ચિ. દર્શન, પ્રેક્ષા, ડિક્કી અને પ્રાર્થના હસ્તે : હસમુખભાઈ સાંકાભાઈ પટેલ.

₹ ८७१०/- जीत इन्द्र शर्मा - **शुकलाई ( आसाम )**।

# ફિક્સ રસોઈની સેવા ₹ ૧૧૦૦૦/ આપનાર સુંદરસાથ

૧) જયાબેન પરસોતમભાઈ માલવિયા - **ધાવા ગીર**. ૨) परमधामवासी कमलादेवी मुरलीधर भण्डारी - मुम्बई। हस्ते : इन्दिरा राजकुमार भण्डारी।

## સાદી રસોઈની સેવા ₹ ૫૧૦૦/ આપનાર સુંદરસાથજી

૧) પરમધામવાસી પુંજાભાઈ કાનજીભાઈ વેકરીયા - **રાજકોટ.** હસ્તે : ભરતભાઈ વેકરીયા. ૨) લિંબાભાઈ બચુભાઈ પડાલિયા - **રામોદ.** ૩) અંકુર વલ્લભભાઈ અકબરી - **રાજકોટ.** ૪) રાજ મિલેશકુમાર પંડ્યા - **હિંમતનગર. ૫)** પરમધામવાસી શ્રી નંનુભાઈ હિરજીભાઈ કપોપરા - **અમદાવાદ.** ૬) પરમધામવાસી મનીષભાઈ વસોયા - **ચંદ્રાગા.** હસ્તે : નિલેષભાઈ વસોયા. ૭) મુંગરા જલ્પાબેન વિનોદભાઈ - **જામનગર.** ૮) વલ્લભભાઈ બચુભાઈ સોજીત્રા - **નિકાવા.** ૯) જય શ્રી રાજ શ્યામાજી - જામનગર. હસ્તે : માવજીભાઈ. ૧૦) જયાબેન પરસોતમભાઈ માલવિયા - **ધાવા ગીર.** ૧૧) પટેલ જિજ્ઞેશકુમાર દેવચંદભાઈ - **આમોદરા.** ૧૨) પરમધામવાસી મૂલજીભાઈ કરશનભાઈ ટાંક - **સિનોગ્રા.** १३) अमन एवं स्वाति सिंगल – दिल्ली । हस्ते **:** विरेन्द्रकुमार सिंगल ।

## રાજભોગ(થાળભોગ)ની સેવા ₹ ૧૧૦૦/ આપનાર સુંદરસાથજી

૧) શુભભાઈ વિજયભાઈ સખીયા - **રાજકોટ.** ૨) ગિરીશ/હરેશ ગોકળભાઈ રાણપરિયા - **રાજકોટ.** ૩) અશોકભાઈ જે. ત્રિવેદી - **વડોદરા.** ૪) વાલજીભાઈ ડોબરીયા - રાજકોટ. ૫) હરસુખભાઈ ભુરાભાઈ બાઢેર - જેતપુર. ૬) અરજનભાઈ ભીમાભાઈ ભંડેરી- માંડાસણ. ७) प्रनुज भगत – **जयपुर** । ८) विन्यास उदय ठाकर – **जयपुर** । ९) अमन एवं स्वाति सिंगल – **दिल्ली** । हस्ते **:** विरेन्द्रकुमार ।

## સાપ્તાહિક પારાયણની સેવા ₹ ૨૧૦૦/ આપનાર સુંદરસાથજી

૧) પ્રભાબેન જયંતભાઈ ભાવસાર - **વલસાડ.** ૨) દીયાબેન હેમાંશુભાઈ કાપડિયા - **યુ.એસ.એ.** ૩) અંજુબેન સુરેશભાઈ જરીવાલા - **સુરત.** હસ્તે : યોગેશભાઈ જરીવાલા. ૪) પરમધામવાસી પ્રાણજીવનભાઈ છગનલાલ પંડ્યા અને પરમધામવાસી સવિતાબેન પ્રાણજીવનભાઈ પંડ્યા - **ચાડિયા(હાલ અમદાવાદ).** ૫) પરમધામવાસી મધુબેન રામાભાઈ પરમાર - **ધનસુરા.** હસ્તે : કનુભાઈ, રસિકભાઈ અને ધર્મેન્દ્રભાઈ રામાભાઈ પરમાર. ૬) શ્રી રાજ ઑટોમોબાઈલ - **મુંબઈ.** ૭) જગદીશ ગાંધી - **મુંબઈ.** ૮) શ્રીજી ઑટો સ્પેર્સ - **મુંબઈ.** ૯) મુકેશભાઈ ગાંધી - **મુંબઈ.** ૧૦) હિનાબેન સંજયભાઈ કુંભાણી - **અમદાવાદ.** ૧૧) પરમધામવાસી પુનાભાઈ રઘાભાઈ - **મોડાસા.** ૧૨) जयेश गुप्ता– अहमदाबाद ।

## અલ્પાહારની સેવા ₹ ૨૧૦૦/- આપનાર સુંદરસાથજી

अमन एवं स्वाति सिंगल – दिल्ली । हस्ते **:** विरेन्द्रकुमार सिंगल ।

## ગોટા પારાયણની સેવા ₹ ૨૫૦૦/ આપનાર સુંદરસાથજી

૧) વંશ પ્રકાશકુમાર પટેલ - **રૂપપુરા**. હસ્તે : ઊર્મિલાબેન પટેલ. ૨) પરમધામવાસી રવિંદાબેન એન. ભાવસાર - **વલસાડ**. હસ્તેઃ શૈલેષભાઈ ભાવસાર. ૩) પરમધામવાસી મૂલજીભાઈ કરશનભાઈ ટાંક - **સિનોગ્રા**. ૪)પરમધામવાસી જયાબેન નવીનચંદ્ર ભાવસાર - **સેલવાસા**. હસ્તે : રાકેશભાઈ ભાવસાર. ૫) સુરેશભાઈ ભાઈલાલભાઈ રૂપારેલીયા - ગુંદાસરા.૬) પરમધામવાસી કમલાદેવી મુરલીધર ભંડારી - **મુંબઈ.** હસ્તે : ઇંદિરા રાજકુમાર ભંડારી. ૭) પરસોતમભાઈ ધરમશીભાઈ જેઠવા - **મુંદ્રા(ભૂજ)**. ૮) પરમધામવાસી જગદીશભાઈ રણછોડભાઈ પરમાર - **વિભાપર** હસ્તે : પરમાર દર્શનભાઈ નવીનભાઈ. ૦૯) પરમધામવાસી માનકુવર ગોપીકિશન ભંડારી - **મુંબઈ** હસ્તે : સુપુત્રી પ્રેમલતા આશાવા ૧૦) પટેલ જિગનેશ કુમાર દેવચંદભાઈ - **આમોદરા**. ૧૧) પરમધામવાસી રોહિત હસમુખભાઈ સિદ્ધપુરા - **જામનગર.** હસ્તે : હસમુખભાઈ સિદ્ધપુરા. ૧૨) જિજ્ઞેશકુમાર રામજીભાઈ વસોયા - **મેટોડા**.૧૩) હસમુખભાઈ સિદ્ધપુરા - **જામનગર**. ૧૪) ધામવાસી મુળજીભાઈ કરશનભાઈ ટાંક - **રાજસ્થાન**. १४) अमन एवं स्वाति सिंगल – **दिल्ली** । हस्ते **:** विरेन्द्रकुमार सिंगल । १५) दीपक कक्कड – **मालावी ( दक्षिण आफ्रिका )** । १६) स्वेता दीपक कक्कड – **मालावी ( दक्षिण आफ्रिका )** ।

## અખંડ પારાયણની સેવા ₹ ૫૧૦૦/ આપનાર સુંદરસાથજી

૧) પરમધામવાસી કાંતિભાઈ પુંજાભાઈ પટેલ - **મોયદ**. હસ્તે : નરેશભાઈ પટેલ.
૨) પરમધામવાસી ઉગરીબેન કાંતિભાઈ પટેલ - **મોયદ**. હસ્તે : નરેશભાઈ પટેલ.

## અખંડ દીપકની સેવા ₹ ૧૧૦૦/ આપનાર સુંદરસાથજી

૧) સરસ્વતી માર્બલ ટાઈલ્સ - **મોરબી**. ૨) સહારા કન્સ્ટ્રકશન - **રાજકોટ**.

## પાંચ આરતીની સેવા ₹ ૧૫૦૦/- ની સેવા આપનાર સુંદરસાથ

૧) પરમધામવાસી સુરેશભાઈ પ્રાગજીભાઈ ભંડેરી - **નવી મુંબઈ**. ૨) પરમધામવાસી ભાનુશાળી શાંતાબેન મોહનભાઈ ચાંદ્રા - **જામનગર**. હસ્તે : હરિઓમ શાંતિ.

## કોઠારની સેવા આપનાર સુંદરસાથજી

૨૦૦૦/- પટેલ કોડીબેન નારાયણભાઈ - **દેસાસણ**.

## દવાખાનામા સેવા ₹ ૧૧૦૦/- સેવા આપનાર સુંદરસાથ

प्रेमिला सिंगल – **दिल्ली** ।

## ધ્વજાની સેવા ₹ ૫૧૦૦/ આપનાર સુંદરસાથજી

૧) શ્રી કૃષ્ણ પ્રણામી મહિલા મંડળ - **મયૂર ટાઉનશીપ (જામનગર)**. હસ્તે : શોભનાબેન નસિત. ૨) ચોવટિયા દામજીભાઈ જેસંગભાઈ - **હર્ષદપુર**. ૩) રમેશભાઈ ચનાભાઈ સંઘાણી - **ઠેબા**. ૪) अमन एवं स्वाति सिंगल - दिल्ली । हस्ते **:** विरेन्द्रकुमार सिंगल ।

## સાધુ સંતો અને વિદ્યાર્થી સહાયમાં સેવા આપનાર સુંદરસાથ

₹ ૨૦૦૦/- કાંતિભાઈ પ્રભુભાઈ પટેલ - **આમોદરા (હાલ યુ.એસ.એ.)**

₹ ૧૧૦૦/- માલાબેન રાકેશભાઈ ભાવસાર - **સેલવાસ**.

**ઉપરોક્ત સર્વે સુંદરસાથજીને ધન્યવાદ. આપ સર્વે પર શ્રી રાજશ્યામાજીની સદા મહેર રહે અને આપની ધાર્મિક ભાવનામાં અભિવૃદ્ધિ થતી રહે એવા શ્રી ૫ નવતનપુરી ધામના શુભાશિષ તેમજ આચાર્ય શ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજ તરફથી હાર્દિક શુભકામના.**

# ગૌશાળાની સેવા

## એક ગાયની સેવા ₹ ૧૫૦૦૦/- આપી ગોદાન કરનાર સુંદરસાથજી

સુરજ રાકેશભાઈ ભાવસાર - **સેલવાસા**. હસ્તે : રાકેશભાઈ ભાવસાર.

## ઘાસચારો, કપાસિયા, ભૂસો, ખોળ અને લાડુની સેવા આપનાર સુંદરસાથ

₹ ૧૧૪૬૦/- શ્રીમતી ડાહીબેન રમણભાઈ પટેલ - **આમોદરા(હાલ યુ.એસ. એ.)**.

₹ ११०००/- आत्माराम अग्रवाल - **दार्जिलिंग** ।

₹ ૬૫૦૦/- એક્સેલ ઈંટરનેશનલ - **રાજકોટ**. હસ્તે : સમજુબેન નાનજીભાઈ પાદરીયા.

₹ ૫૧૦૦/- પરમધામવાસી હેમકુવરબેન પ્રાણજીવનભાઈ જોબનપુત્રા - **રાજકોટ**.
હસ્તે : મનસુખભાઈ પ્રાણજીવનભાઈ જોબનપુત્રા.

₹ ૫૦૦૦/- પરમધામવાસી લાભુબેન કડવાભાઈ પાદરીયા - **ગુંદાસરા.**
હસ્તે : કડવાભાઈ પાદરીયા

₹ ૪૮૫૦/- સવિતાબેન લક્ષ્મીદાસ લખીયર - **જામનગર.**

₹ ૨૫૬૦/- ભાવનાબેન કાંતિભાઈ વડારિયા - **ઠેબા**.

₹ ૨૫૦૦/- પ્રતિકભાઈ ગજેરા - **કુતિયાણા**.

**ગૌ સેવામાં સમર્પિત ઉપરના તમામ સુંદરસાથને શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મની આચાર્યપીઠ શ્રી ૫ નવતનપુરી ધામના શુભાશીર્વાદ. ગૌ સેવા મહાન સેવા છે. તેનાથી અનેક રોગોમાંથી મુક્તિ મળે છે. પુત્ર પૌત્રાદિ વગેરે લાભ તથા અનેક પ્રકારની મનોકામના પૂર્ણ થાય છે તેમજ ગ્રહદોષ પણ દૂર થાય છે.**

# શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકાની સાહિત્ય સેવા

**અમૃતવેલ(જૂનાગઢ) :** ધર્મજ્ઞશ્રી રાજ ભાવેશભાઈ વોરાની મનોકામના પૂર્ણ થતાં શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યા તે પ્રસંગની ખુશી અર્થે ₹ ૧૧૦૦/ ભેટ. હસ્તે - ભાવેશભાઈ વાલજીભાઈ વોરા.

**જામનગર** : ધર્મજ્ઞા તારાબેન દેવશંકર પુરોહિતની મનોકામના પૂર્ણ થતાં શ્રી ૫ નવતનપુરી ધામના દર્શનાર્થે આવ્યા તે પ્રસંગની ખુશાલી અર્થે ₹ ૧૧૦૦/ ભેટ.

## ₹ ૫૦૧/

**જામનગર : નિજ** જયભાઈ પીપરીયાના જન્મ દિવસ (તા. ૬/૨/૨૦૨૧) પ્રસંગે ભેટ.

**હિંમતનગર** : **જૈન્યુલ** મહેન્દ્રભાઈ કાપડિયાના જન્મદિવસ પ્રસંગે ભેટ. જન્મદિનની શુભકામના. હસ્તે - ગિરીશભાઈ મણિભાઈ પટેલ.

**જામનગર** : કાંતિલાલ દામજીભાઈ મુંગરાના પુત્ર વિશાલના સુપુત્રના(તા. ૬/૩/૨૧) જન્મ દિવસે કંઠી બંધાવી તેની ખુશી પ્રસંગે ભેટ.

**રામોદ** : લીંબાભાઈ બચુભાઈ પાડલિયાએ નવું મકાન બનાવ્યું તથા મંદિરમાં સાદી રસોઈ આપી તે પ્રસંગે ભેટ.

**જામનગર** : ભીમસીભાઈ એમ. પીઠિયાએ ન્યૂ મોડલ ક્રેટા કાર લીધી તેની ખુશી પ્રસંગે ભેટ. અભિનંદન.

**જામનગર** : **હર્ષ** પરેશભાઈ ઠુંમરના જન્મ દિવસ (તા. ૨૨/૩/૨૧) પ્રસંગે ભેટ. જન્મદિનની શુભકામના.

**ધૂળશિયા** : ડૉ.નાનજીભાઈ માધાણીના સુપુત્ર ચિ. જયકુમાર માધાણી કેમીકલ એંન્જિનિયરીગમાં સમગ્ર ભારતમાંથી ૯માં ક્રમાંકે રેન્ક મેળવી સમગ્ર માધાણી પરિવાર અને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. તેની ખુશાલી પ્રસંગે ભેટ.

**અમદાવાદ** : ધામવાસી લાભુબેન રવજીભાઈ કુંભાણીની સ્મૃતિ નિમિત્તે પત્રિકાની સેવામા ભેટ મળી છે. હસ્તે - રવજીભાઈ કુંભાણી.

## શ્રી ૫ નવતનપુરી ધામમાં દર્શનાર્થે આવતાં ₹ ૫૦૧/ ભેટ

૦૧) બાબુભાઈ ઈશ્વરભાઈ પટેલ - **અમદાવાદ**. ૦૨) મોહનભાઈ વિરાજભઆઈ સાંગાણી - **હરિપર**. ૦૩) ધામવાસી દૂધીબેન વેલજીભાઈ પટોડિયા પરિવાર - **સાંગણવા**. ૦૪) ચેતન સુરેશભાઈ પીઠડિયા - **રાજકોટ**. ૦૫) બલરામભાઈ અમરસીભાઈ ચૌહાણ - **અંજાર(કચ્છ)**. ૦૬) કાંતિલાલ પ્રેમજીભાઈ ચૌહાણ - **દુર્ગ(છત્તીસગઢ)**. ૦૭) ચેતન સુદર્શન પીઠડિયા - **રાજકોટ**.

# પરમધામ ગમન

**ફાચરીયા(વંડા)** : પરમધામવાસી શ્રીમતી ગોદાવરીબેન નંનુભાઈ ગુંદરણીયાના તારીખ ૨૯-૦૧-૨૦૨૧ શુક્રવારના રોજ ધામગમન થયેલ છે. તેમના આત્મકલ્યાણાર્થે સાહિત્ય સેવામાં ₹ ૧૦૧૧ મળી છે. હસ્તે : શ્રીમતી કમલાબેન વિનુભાઈ નનુભાઈ ગુંદરણીયા.

**મેંદરડા** : કડવીબેન જગમાલભાઈ સોલંકીનું તારીખ ૨૩/૦૨/૨૦૨૧ ને મંગળવારના રોજ ધામગમન થયું છે. તેઓના આત્મકલ્યાણાર્થે સાહિત્ય સેવામાં ₹ ૫૦૧/ ભેટ મળી છે.

**માંડાસણ** : રાણીબેન મોહનભાઈ ભંડેરીનું ધામગમન થયેલ છે. તેમના આત્મકલ્યાણાર્થે સાહિત્ય સેવામાં ₹ ૫૦૧/ ભેટ મળી છે.

**ઉપરોક્ત ગતાત્માને શ્રી રાજશ્યામાજી નિજ ચરણોમાં સ્થાન આપી શાશ્વત મુક્તિ પ્રદાન કરે તથા તેમના પરિવારજનોને તેઓનું વિરહજન્ય દુઃખ સહન કરવાની શક્તિ અર્પે એવી અભ્યર્થના.**

---

## શ્રી ૫ નવતનપુરી ધામ - જામનગરની વિવિધ સેવાઓ

₹ ૧૧,૦૦૦/ કાયમી તિથિ(રાજભોગ)
₹ ૧૧,૦૦૦/ મેડિકલ કેમ્પ સેવા (એક કેમ્પ)
₹ ૫૧૦૦/ મંદિરમાં ધજા ચડાવવાની સેવા
₹ ૫૧૦૦/ સાદી રસોઈની સેવા(ઉત્સવ સિવાય)
₹ ૫૦૦૦/ દવાખાનાની સેવા (સાપ્તાહિક)
₹ ૨૫૦૦/ ગોટા પારાયણની સેવા (દૈનિક)
₹ ૨૧૦૦/ અલ્પાહારની સેવા(દૈનિક)
₹ ૨૧૦૦/ સાપ્તાહિક પારાયણની સેવા
₹ ૧૧૦૦/ રાજભોગ(થાળભોગ)ની દૈનિક સેવા
₹ ૧૧૦૦/ પાંચ આરતી માટે ઘીની સેવા (પાક્ષિક)
₹ ૧૧૦૦/ અખંડ દીપકની સેવા (સાપ્તાહિક)
₹ ૫૦૦/ બાલભોગ (દૈનિક)

**દાનભેટ ઇચ્છાનુસાર**

### ગૌશાળા વિભાગ

₹ ૧૫૦૦૦/ એક મોટી ગાયની સેવા
₹ ૭૫૦૦/ એક વાછડીની સેવા
₹ ૧૧૦૦૦/ ગૌશાળાના એક દિવસનું તમામ ખર્ચ
₹ ૫૧૦૦/ એક દિવસના ખોડની સેવા
₹ ૨૫૦૦/ ૧૦૦ લાડુની સેવા
₹ ૪૫૦૦/ ૨૦૦ લાડુની સેવા

### પત્રિકા વિભાગ

₹ ૩૦,૦૦૦/ એક અંકના પ્રકાશનનું સૌજન્ય
₹ ૧૫૦૦/ ૧૫ વર્ષ માટે લવાજમ
₹ ૧૫૦/ વાર્ષિક લવાજમ

**સાહિત્ય સેવા ઇચ્છાનુસાર**

**ધર્મપ્રાણ સુંદરસાથજી, આપ સહુને ઉપરોક્ત સેવા યજ્ઞમા સહભાગી બની ધર્મલાભ લેવા વિનંતી**






होलीके अवसर पर श्री ५ नवतनपुरी धाममें श्री १०८ राज भोगका
आयोजन किया गया उसके दर्शन एवं प्रसाद लेते हुए सुन्दरसाथजी



जामनगर महानगर पालिकाके मेयर, उपमेयर स्टेंडिंग कमिटिके चेयरमैन
आदि पूज्य महाराज श्रीके आशीर्वाद लेने पधारे उस समय की फोटो ।

RNI NO. GUJBIL/2006/18311, Postal Reg.No.Jam/GJN-1/2020-21
Validity : Upto 31-12-2023, Date of Publication : 10th of Every Month, Date of Posting : 16th of Every Month
Subscription : Annual Rs.150/-, 15 Years Rs.1500/-, No. of Pages : 36
















हर्षद्पुरमें श्री ५ नवतनपुरी धाम की ओर से रक्तदान केम्प सम्पन्न





प्रणामी ग्लोबल स्कूलमें कोरोना वेक्सीनेशनका कार्यक्रम
(दिनांक - ०८/०४/२०२१ )